પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૫/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૧૧૮


**સુવિચાર**

''શાળા રાષ્ટ્રનું હૃદય છે ને શિક્ષક રાષ્ટ્રનો આત્મા.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## શાસકો માટે ગરજ સરીને વોટર બન્યા વેરી

# કોમર્શિયલ LPG સિલિન્ડરનાં ભાવમાં રૂપિયા ૯૯૩નો વધારો

**કોમર્શિયલ ગેસ મોંઘો થતાં હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડનાં ભાવમાં વધારો થવાની સંભાવના**

**ચૂંટણી પહેલા ભાવ નહી વધે તેવી ગુલબાંગો ફેંકવામાં આવી અને ઓચિંતો ભાવ વધારી દીધો**

**નિર્દોષ જનતાં શાસકોની અવનવી વાતોમાં હંમેશા ભોળવાઈ રહી છે**

**વિકરાળ બેરોજગારી અને કાળઝાળ મોંઘવારી વચ્ચે ભાવ વધારો આમ આદમી માટે અસહ્ય બનશે**



નવી દિલ્હી, તા. ૧

દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થતાની સાથે જ મોંઘવારીનો મોટો વિસ્ફોટ થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. જોકે, રાહતની વાત એ છે કે ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.ભાવમાં થયેલા વધારા બાદ દિલ્હીમાં હવે એક સિલિન્ડરની કિંમત ૩૦૭૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ ૧ એપ્રિલના રોજ ૨૦૭૮.૫૦ રૂપિયા હતી. આ વધારાની સાથે જ હવે દેશભરમાં રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થઈ જશે. રાંધીને ખાવાની વસ્તુઓના ભાવમાં પણ તોતિંગ વધારો આવશે. આ ઉપરાંત સ્ટ્રીટ ફૂડના ભાવ પણ વધી શકે છે. ગેસના ભાવમાં વધારા પાછળ અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ મુખ્ય કારણ માનવામાં આવે છે. હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બ્લોક હોવાને કારણે ભારત માટે ગેસ અને તેલનો પુરવઠો ખોરવાયો છે. પુરવઠામાં ઘટાડો અને અન્ય સ્થળોએથી આયાત વધારવાને કારણે વધારાની પડતર કિંમતનો બોજ ગ્રાહકો પર આવ્યો છે.કોમર્શિયલ ગેસ મોંઘો થવાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડના ભાવમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે, જેનાથી સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે.

## જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં આત્મહત્યાનાં ૨ બનાવો

# સરસીયા ગામનાં વૃધ્ધે આર્થિક પરિસ્થિતિથી કંટાળીને કુવામાં પડી આત્મહત્યા કરી

**લાઠીના જરખીયા ગામે પરિણીતાએ અગમ્ય કારણોસર રૂમનાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લાનાં ધારી પંથકમાં એક વૃધ્ધે આર્થિક પરીસ્થતિ નબળી હોવાના કારણે તથા લાઠી પંથકમાં એક ૨૨ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ધારી તાલુકાના સરસીયા ગામે રહેતાં રાવતભાઈ ઘુસાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## પરિણીત મહિલા સાથે પ્રેમ પ્રકરણને લઈને

# સાવરકુંડલાનાં બાઢડા ગામનાં યુવકની થયેલ હત્યા કેસમાં ૨ આરોપીની અટકાયત કરાઈ

**અન્ય ૨ આરોપીની ક્રાઈમ બ્રાન્ચે શોધખોળ આદરી**



અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે રહેતા નિલેષ રમેશભાઈ ચુડાસમા નામનાં યુવકને એક પરિણીત મહિલાસાથે પ્રેમસબંધહોય. જેથીયુવક આ પરિણીત મહિલાને સુરત ખાતેથી ભગાડી લઈ ગયેલ હતો. જે વાતનું મનદુ:ખરાખીમહુવાતાલુકાનાઅખેગઢ ગામના વતની અને હાલ સુરત રહેતા આરોપી વિજય ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ તથા જેસર તાલુકાના કરલા ગામે રહેતા તરૂણ વલ્લભભાઈ બાંભણીયા તથા સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામના વતની અને હાલ સુરત રહેતા આરોપીઅમીતમનુભાઈહડીયાવિગેરે આરોપીઓએ આ મૃતક યુવક નિલેષને શોધીકાઢીઅનેઉપાડીલઈજઈગતતા. ૨૮થી તા. ૨૯ દરમિયાન કોઈપણ જગ્યાએ લઈ જઈ તીક્ષ્ણ હથિયાર કે અન્ય કોઈ રીતે જીવલેણ માર મારી બાઢડાખાતેવિરાણીહાઈસ્કૂલપાછળ

અનુસંધાન પાના ૬ ઉપર

## ડિજિટલ યુગમાં ડિજિટલ ક્રાઈમ પણ વધ્યા

# અમરેલીનાં આધેડ સાથે આર.ટી.ઓ. ચલનની ફાઈલ મોકલી ૧.૭ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧

મોબાઈલ ફોનમાં આર.ટી.ઓ. ચલનની એ.પી.કે. ફાઈલ મોકલી અને મોબાઈલ ફોન હેક ક્રિક બેન્ક ખાતું ખાલી કરી નાંખી લોકો સાથે ઓનલાઈન ફ્રોડ કરી ઓળવી જઈ ઠગાઈ કરવા અંગેની અનેક ફરિયાદ ઉઠવા પામેલ છે. ત્યારે અમરેલીમાં વધુ એક આધેડ આવી ઠગાઈનો ભોગ બનતાં પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭






ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ધવલ તન્ના
રૂમેટોલોજીસ્ટ
વા, સાંધા અને સ્નાયુના દુ:ખાવાના નિષ્ણાંત
તા.૦૨/૦૫/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૬:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા







### પૂર્વ ધારાસભ્ય વાલજીભાઈનાં પુત્રવધુ વિજેતા થયા

# બાબરા : અમરાપરા તાલુકા પંચાયતની બેઠક ઉપર ખોખરીયા પરિવારનો વિજયધ્વજ ફરકયો

## અસ્મિતાબેન અજીતભાઈ ખોખરીયા ૧૧૩૦ મતથી વિજેતા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરા તાલુકા પંચાયતની અમરાપરા બેઠક પર આ વખતે ત્રિપાંખિયા જંગ વચ્ચે ભારે રાજકીય રસાકસી જોવા મળી હતી. મહિલા સામાન્ય બેઠક હોવાથી ભાજપ તરફથી અસ્મિતાબેન અજિતભાઈ ખોખરીયા, આમ આદમી પાર્ટી તરફથી ભાવનાબેન શિયાણી અને કોંગ્રેસ તરફથી કોમલબેન રાઠોડ મેદાનમાં હતાં. ત્રણેય મુખ્ય પક્ષોના ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર હોવા છતાં અંતે ભાજપ સમર્થિત અસ્મિતાબેન ખોખરીયાએ જંગી લીડ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો.

અસ્મિતાબેન ખોખરીયાએ કુલ ૧૧૩૦ મતની જંગી લીડ મેળવી વિજયનો ધ્વજ ફરકાવ્યો હતો, જેના પગલે સમગ્ર અમરાપરા બેઠક વિસ્તારમાં ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. વિજય બાદ ગામે ગામે ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી હતી અને ભવ્ય વિજય સરઘસ પણ નીકળ્યું હતું.

આ જીત સાથે માજી ધારાસભ્ય વાલજીભાઈ ખોખરીયા પરિવારનું રાજકીય પ્રભુત્વ ફરી એકવાર મજબૂત બન્યું હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને તેમના પુત્ર અજિતભાઈ ખોખરીયાએ જાહેર જીવનમાં પ્રથમવાર સક્રિય ભૂમિકા ભજવી પોતાની ધર્મપત્નીને ચૂંટણી મેદાનમાં ઉતારી પ્રથમ જ પ્રયાસમાં ભવ્ય સફળતા મેળવી રાજકીય ક્ષેત્રમાં દમદાર એન્ટ્રી કરી છે.

અમરાપરા બેઠકના પરિણામે બાબરા તાલુકાની રાજનીતિમાં નવી દિશા દર્શાવી છે અને ખોખરીયા પરિવારની લોકપ્રિયતા યથાવત્ હોવાનું પણ સ્પષ્ટ થયું છે.

### અમરેલી નજીક આવેલ

# જસવંતગઢ ખાતે જુગાર રમતા ૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## રૂપિયા ૨.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાનાં જસવંતગઢ ગામે ભુતનાથ શેરીમાં રહેતાં શબ્બીરભાઈ હુસેનભાઈ બેલીમ સહિત ૬ જેટલાં પત્તાપ્રેમિઓ ગત તા. ૩૦નાં રોજ રાત્રીનાં ૧ વાગ્યે અમરેલી તાલુકા ચિત્તલ ગામે શેડુભાર જવાનાં કાચા રસ્તે રાજુભાઈ આંબાભાઈ પાથરની વાડી પાસે જાહેરમાં લાઈટનાં અંજવાળે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં હોય આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતાં પોલીસે દરોડો કરી જુગાર રમતાં તમામ જુગારીઓને રોકડા રૂપિયા ૨૭,૯૫૦ તથા મોબાઈલ ફોન નંગ–૪ જેની કિમત રૂપીયા ૨૬,૦૦૦ તથા મોટર સાયકલ ૫ જેની કિમત રૂપિયા ૨,૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૭૩,૯૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### પાણી, વીજળી અને ખેડૂતોનાં પ્રશ્ને રજુઆત કરી

# મોટા દેવળીયા : જિલ્લા પંચાયતનાં સદસ્ય મીનાબેન કોઠીવાળે જનહિતમાં કામગીરી શરૂ કરી

## સમગ્ર વિસ્તારનાં મતદારોમાં ખુશીનો માહોલ



બાબરા, તા. ૧

બાબરા તાલુકા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વિવિધ પ્રશ્નો અને લોકહિતના મુદ્દાઓને લઈને જિલ્લા પંચાયતના સભ્ય મીનાબેન કોઠીવાળ દ્વારા સક્રિય રજુઆત કરવામાં આવી છે. ગ્રામ્ય જનતાને પડતી મુશ્કેલીઓ, ખેડૂતોના પ્રશ્નો તેમજ પીવાના પાણી અને વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ અંગે તેમણે રાજ્ય સરકાર સમક્ષ અસરકારક રજૂઆતો કરી છે.

તેઓ ખાસ કરીને ખેડૂતોને જરૂરી વીજ પુરવઠો સમયસર મળે, ગામડાઓમાં પીવાના પાણીની તંગી દૂર થાય અને લોકોની રોજબરોજની સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ આવે તે માટે માંગણી ઉઠાવી છે.

મોટા દેવળીયા ગામના તળાવોમાં માટી કાઢી પાણી સંગ્રહ ક્ષમતા વધારવા જંગલ વિભાગ તરફથી જરૂરી મંજૂરી મળે તે બાબતે પણ રજૂઆત કરવામાં આવી છે, જેથી વરસાદી પાણીનો સદુપયોગ થઈ શકે અને ખેડૂતોને લાભ મળે.

સાથે સાથે સૌની યોજના અંતર્ગત ધરાઈ–દેવળીયા વિસ્તારમાં પાણી પૂરવઠા માટે અલગ વાલ્વ ફાળવવાની માંગણી કરવામાં આવી છે, જેથી ગામોને નિયમિત અને પૂરતું પાણી મળી રહે. લોનકોટડા ગામને પણ નિયમિત પીવાનું પાણી મળી રહે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવે તેવી દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

આ તમામ લોકહિતના મુદ્દાઓ અંગે રાજયના મંત્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને લેખિત અને મૌખિક રીતે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

તેઓની આ સક્રિયતા અને જનસમસ્યાઓ પ્રત્યેની ચિંતા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રશંસાનો વિષય બની છે.

# સાવરકુંડલા નગરપાલિકાના નવા સદસ્યો સાથે વિકાસલક્ષી બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧

સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાવરકુંડલા નગરપાલિકાના તાજેતરમાં ચૂંટાયેલા નવા સદસ્યો જોડાયા હતા અને શહેરના સર્વાંગી વિકાસ માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન શહેરમાં પ્રાથમિક સુવિધાઓના વિસ્તરણ, સ્વચ્છતા વ્યવસ્થામાં સુધારા, નિયમિત અને પૂરતા પાણી પુરવઠા, માર્ગ વ્યવસ્થાના સુધારા તેમજ નાગરિક સુખાકારીને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરવા પર ખાસ ભાર મુકાયો હતો. ધારાસભ્યએ તમામ સદસ્યોને સંકલન અને જવાબદારી સાથે કાર્ય કરવાની સલાહ આપી હતી.

આ ઉપરાંત, શહેરના વિકાસ માટે નવી પહેલો અને યોજનાઓને ઝડપી ગતિએ અમલમાં મુકવા તેમજ નાગરિકોને સુવિધાઓ વધુ સુલભ બને તે માટે ચર્ચા કરવામાં આવી. તમામ સદસ્યોને જનસેવામાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરી શહેરને વધુ પ્રગતિશીલ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

આ અવસર પર ધારાસભ્ય દ્વારા નવા ચૂંટાયેલા સદસ્યોને હાર્દિક અભિનંદન પાઠવી તેમની જવાબદારી સફળતાપૂર્વક નિભાવવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### શાકમાર્કેટ એસોસિયેશનનાં આગેવાનો સાથે

# સાવરકુંડલામાં નવી શાક માર્કેટ માટે ધારાસભ્ય દ્વારા મહત્વની બેઠક યોજાઈ

## વેપારી અને ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાને લેવાશે



અમરેલી, તા. ૧

સાવરકુંડલા શહેરમાં નવીશાકમાર્કેટના આયોજન અને આધુનિક સુવિધાઓ અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવા અટલધારા કાર્યાલય ખાતે શાકમાર્કેટ એસોસિયેશનના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. શહેરના વધતા વ્યાપાર અને ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં અનેક મુદ્દાઓ પર વિસ્તૃત વિચારવિમર્શ કરવામાં આવ્યો.

બેઠક દરમિયાન ખાસ કરીને વેપારીઓને સુવિધાજનક દુકાનો, સ્વચ્છતા જળવાઈ રહે તે માટે યોગ્ય વ્યવસ્થા, તેમજ ગ્રાહકો માટે સરળ અને સુગમ ખરીદીનું માહોલ ઉભું થાય તે બાબતો પર ભાર મૂકાયો. ઉપરાંત શાકમાર્કેટ ખાતે વાહન વ્યવહારની સમસ્યા દૂર કરવા માટે વિશાળ અને વ્યવસ્થિત પાર્કિંગ સુવિધા ઊભી કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી.

આ બેઠકમાં ધારાસભ્ય કસવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વેપારીઓના સૂચનોને ધ્યાનપૂર્વક સાંભળી યોગ્ય આયોજન સાથે નવી શાકમાર્કેટ વિકસાવવા આસન આપ્યું હતું.

આગામી સમયમાં શહેરના વિકાસને વધુ ગતિ મળે અને વેપારીઓ તથા ગ્રાહકો બંનેને લાભ થાય તે દિશામાં આ બેઠક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે.

# બગસરા : શિવાગૃપ દ્વારા સુંદરકાંડનાં આરાધક જમનભાઈ ધોરડાનું સન્માન કરાયું


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧

ગુજરાતનાં સ્થાપનાદિન નિમિત્તે દરવર્ષેની જેમ શિવાગૃપ દ્વારા બગસરાને આગવી ઓળખ અપાવનારને કરાતા સન્માનમાં પ્રખર સૂંદરકાંડનાં આરાધક એવા જમનભાઈ ધોરડાને એમની સેવાઓ બદલ સન્માનીત કરવાનો કાર્યક્રમ યોજાયેલ.

આ કાર્યક્રમ શિવાગૃપનાં પ્રમૂખ નિતેષ ડોડીઆ, જમનભાઈ ધોરડા, જનકભાઈ ચંદ્રેશભાઈ વાઘેલા, પ્રશાંત સોનુ, હિતેશ સોની, અશોકભાઈ બાબરીયા, સહીતનાં આગેવાનો ઉપસ્થીત રહી સેવા બદલ સન્માન સાથે શૂભેચ્છાઓ પાઠવેલ.




### કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં વધારો : કોંગ્રેસ

# મોંઘવારીથી પીડિત જનતા પર વધુ એક આંચકો પ્રવાસી શ્રમિકો ઉપર મોંઘવારીનો તગડો પ્રહાર

## ૫ કિ.ગ્રા. સિલિન્ડરનાં ભાવમાં પણ ૨૬૧નો વધારો



અમદાવાદ, તા. ૧

કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ભારે વધારો, મોંઘવારીથી પીડિત જનતા પર વધુ એક આંચકો સાથો સાથ પ્રવાસી–મજૂરો પર મોંઘવારીનો તગડો પ્રહાર, ૫ કિગ્રા સિલિન્ડર પણ ૨૬૧ મોંઘો થયો જે ચૂંટણી પછી ગેસ સીલીન્ડરમાં ભાવ વધારો ઝીંકવાની ભાજપ સરકારની નીતિનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશભરમાં પાંચ રાજયોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા જ કેન્દ્રની ભાજપ સરકારે સામાન્ય જનતા અને નાના વેપારીઓ પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર કર્યો છે. ૧મેથી ૧૯ કિલો ગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂા. ૯૯૩નો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે તેનો ભાવ રૂા. ૨૦૭૮.૫૦થી વધીને રૂા. ૩૦૭૧.૫૦ થયો છે. એક જ દિવસે આશરે ૫૦%નો વધારો છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી મોટો વધારો છે. એટલું જ નહીં, ૫ કિલો ગ્રામના "ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ)" સિલિન્ડરના ભાવમાં પણ રૂા. ૨૬૧નો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેનો સીધો પ્રભાવ નાના દુકાનદારો, રેંકડી–લારી વાળા અને સ્વરોજગાર સાથે જોડાયેલા લાખો લોકો પર પડશે. છેલ્લા ચાર મહિનામાં કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કુલ રૂા.૧૫૧૮નો વધારો થયો છે. આથી સ્પષ્ટ થાયછે કે ભાજપ સરકારે ચૂંટણી દરમિયાન મોંઘવારીને દબાવી રાખી અને હવે "ચૂંટણી બિલ" તરીકે જનતાથી વસૂલી શરૂ કરી છે.

મજૂર દિવસના દિવસે જ પ્રવાસી અને મજૂર વર્ગ પર મોંઘવારીનો ભારે આંચકો પડ્યો છે. ૫ કિલોના સિલિન્ડરના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે, જે રૂા. ૨૬૧ જેટલો મોંઘો બન્યો છે. ૫ કિલોનું સિલિન્ડર ખાસ કરીને શ્રમિક–મજૂર વર્ગ, પ્રવાસીઓ અને ઘરથી દૂર રહેતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું હતું. હવે આ વર્ગ પર મોંઘવારીનો ભારે પ્રહાર થયો છે. આ વધારાથી ૫ કિલોનું સિલિન્ડર રૂા. ૫૪૯ થી વધીને રૂા. ૮૧૦ થઈ ગયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલ ૨૦૨૬માં પણ આ સિલિન્ડરના ભાવમાં રૂા. ૫૧નો વધારો કરવામાં આવ્યો હતો. નવી વધારાની અસરથી શ્રમિક–મજૂર વર્ગ, પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ પર ગંભીર અસર પડશે. ઓછા ખર્ચે ગુજરાન ચલાવનાર અને બચત પર ભાર મૂકનાર આ વર્ગને હવે વધુ ખર્ચ કરવો પડશે. તેનો સીધો પ્રભાવ રેસ્ટોરન્ટ, હોટેલ અને સ્ટ્રીટ ફૂડના ભાવ પર પડશે. સાથે જ લગ્ન–પ્રસંગોમાં ખોરાકનો ખર્ચ પણ વધશે. ઓનલાઈન ફૂડ ઓર્ડર પણ મોંઘા થઈ શકે છે.

કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે કહેવા માંગે છે કે મોદી સરકાર "આપત્તિને ભાવવધારાના અવસર" તરીકે અને "જનતાને બોજ" બનાવવાની નીતિ પર કામ કરી રહી છે. રેકોર્ડ બેરોજગારી અને પહેલાથી જ વધી રહેલી મોંઘવારી વચ્ચે આ નિર્ણય દેશની અર્થવ્યવસ્થા અને સામાન્ય લોકોની રસોઈ પર સીધો હુમલો છે. ચા વેચનાર, ઢાબા, હોટેલ, બેકરી, હલવાઈ દરેક વર્ગ આ વધારાથી પ્રભાવિત થશે અને તેનો અંતિમ પ્રભાવ સામાન્ય નાગરિકની થાળીમાં દેખાશે. અમને આશંકા છે કે આગામી સમયમાં પેટ્રોલ, ડીઝલ, ઘરેલુ એલપીજી અને સીએનજીના ભાવોમાં પણ વધારો કરીને જનતા પર વધુ બોજ નાખવામાં આવશે.

કોંગ્રેસ પક્ષની માંગ છે કે કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં કરાયેલો વધારો તરત જ પાછો ખેંચવામાં આવે. ઘરેલુ એલપીજી, પેટ્રોલ–ડીઝલ અને સીએનજીના ભાવોને નિયંત્રિત કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવે. નાના વેપારીઓ અને ઓછી આવકવર્ગ માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવે.

સંકુલ સ્કૂલ ગર્લ્સને અભ્યાસમાં મંડયા રહેવા પેરેન્ટ્સનાં સુચનથી ફોન રાખવાની મનાઈ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
-Ad 030

# સાવરકુંડલામાં વિકાસની પાંખો : ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ અમૃત સરોવર ફેઝ–૨ના કામોનું કર્યુ સ્થળ નિરીક્ષણ



સાવરકુંડલા શહેરના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબદ્ધ છે, ત્યારે અમૃત સરોવર ખાતે ચાલી રહેલા ફેઝ–૨ના વિકાસ કાર્યોનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા પ્રત્યક્ષ મુલાકાત લઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી અને પ્રોજેક્ટને નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, અમૃત સરોવરનો આ પ્રોજેક્ટ આગામી સમયમાં સાવરકુંડલાની જનતા માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી સ્થાનિક નાગરિકોને ઉત્તમ સુવિધાઓ સાથે મનોરંજન અને હરવા–ફરવાનું શ્રેષ્ઠ સ્થળ ઉપલબ્ધ થશે. નિરીક્ષણ દરમિયાન તેમણે કામની ગુણવત્તામાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ન કરવા અને પારદર્શિતા જાળવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ મુલાકાત પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર, એન્જિનિયરો તથા વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ ઉપસ્થિત અધિકારીઓ પાસેથી ટેકનિકલ વિગતો મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિકાસ કાર્યોમાં ગતિ આવે અને લોકોની સુવિધામાં વધારો થાય તે માટે તંત્રને સજ્જ રહેવા પણ તેમણે તાકીદ કરી હતી.

## શહેરીજનોને મુખ્ય માર્ગ પરથી પસાર થવામાં દુર્ગંધનો કરવો પડે સામનો

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં ગટરનાં ગંધાતા પાણી ભરાયા

**પાલિકાનાં શાસકો માત્ર વિકાસની ગુલબાંગો ફેંકીને સંતોષ માનતા હોવાનું સૌ કોઈ કહે છે**

**શહેરીજનો સત્તા પક્ષને મત આપી આપીને થાકયા છતાં પ્રાથમિક સુવિધા પણ મળતી નથી**

**ગટરનાં ગંધાતા પાણીનાં લીધે રોગચાળાનો પણ ગંભીર ખતરો ઉભો થયો**

**પદાધિકારીઓ અને અધિકારીઓ સ્થળ પરીક્ષણ કરી જનતાને સમસ્યાથી મુકત કરે તેવી માંગ**





જાફરાબાદ, તા. ૧

જાફરાબાદના સામાકાંઠા વોર્ડ નંબર ૩માં આવેલ વિસ્તારમાં ડ્રેનેજ પાણી વગર વરસાદે નદી જેમ વહેતું થયું.

અહીં આજુબાજુના રહેણાંક મકાનોની ખુલ્લી ગટરો કચરાથી બ્લોક થઈ જતા ડ્રેનેજ પાણી નદી જેમ વહેતુ થાય છે. પરંતુ પાલિકાના સફાઈ વિભાગના ધ્યાન ઉપર કયારે આવશે..?? અહીં હજારોની સંખ્યા નાગરિકોની અવરજવર રહેતી હોય પરંતુ અહીં મચ્છીનું પાણી રોડ ઉપર જ અમુક લોકો ઠાલવી રહ્યા હોય તેમજ અવારનવાર અહીં આજુબાજુમાં આવેલી ગટરો ઉભરાય જતા અત્યંત દુર્ગંધ મારતું ગંદુ પાણી વહી રહ્યું છે. જયાં જાફરાબાદ નગરપાલિકાના એન્જિનિયર અને કર્મચારીઓ ધ્વારા પોતાની બુદ્ધિ અને આવડત અનુસાર આ વહેતું ગંદુ પાણી અટકાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે..?? સામાકાંઠા વિસ્તારોમાં પાલિકા દ્વારા પ્રાથમિક સુવિધા આપવામાં પણ વામણી થઈ. સામાકાંઠા તલાવડી વિસ્તારનાં મુખ્ય રોડ ઉપર ઘણા સમયથી તળાવની જેમ પાણી ભરેલા જોવા મળી રહ્યાં છે. આ ડ્રેનેજ પાણીના લીધે નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. પરંતુ જવાબદારી જેની છે તે આ વિસ્તારમાં ડોકાવા પણ આવતા નથી. શેખી મારતા સભ્યો મોટી મોટી ગુલબાંગો ફેંકાફેંકી કરી રહ્યા છે પરંતુ જમીની વાસ્તવિકતા અહીં અલગ દેખાય રહી છે. આજુબાજુમાં અનેક સોસાયટીઓ આવેલી છે તમામ સોસાયટીઓમાંથી પસાર થતા આમ નાગરિકોનો એક મુખ્ય રોડ હજારોની સંખ્યામાં આમજનતાની અવરજવર રહેતી હોય છે. તે જ રોડ ઉપર ડ્રેનેજ પાણીના તળાવ જોવા મળી રહ્યાં છે. મહિલાઓ, સિનિયર સિટીઝન તો ઠીક છે પરંતુ નાના ભુલકાઓ પણ આ રોડ ઉપરથી સ્કુલ જાવા માટે ડ્રેનેજ પાણીથી ભરાયેલા પાણીમાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ જવાબદાર પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે..?? અહીં આજુબાજુના રહેણાંક મકાનની ગટરો કચરાથી ખદબદી રહેતી હોય તેના લીધે ડ્રેનેજ પાણી નદી જેમ વહેતું રહેતું હોય. પરંતુ આમ જનતા પાલિકાને દરેક સ્થળે વેરો ભરવા છતાં પણ નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. અવારનવાર ડ્રેનેજ પાણી રોડ ઉપર ચડતા હોવાથી અને આ દુર્ગંધ મારતું ડ્રેનેજના પાણીના કારણે રાહદારીઓના આરોગ્યસામે પણ ખતરો ઉભો થઈ રહ્યો છે. તેવામાં અહીંથી પસાર થતા સ્કુલના બાળકોના પગ નીચે આવતું ડ્રેનેજ પાણીના લીધે ચામડી જેવા રોગ પગપેસારો કરે તેવી શકયતા સેવાઈ રહી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુકિત માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઇફલાઇન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335















લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટરર્સ
MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.








# એકતા એ માત્ર સમાજને જ નહિ સમગ્ર રાષ્ટ્રને મજબૂત બનાવે છે

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આપણો પરિવાર એક હોય છે. પણ વિચારોથી ભિન્ન હોય છે. છતાં એકતાથી રહે છે. સમાજને અનુસરે છે. હવે વિચારીએ કે આપણા દેશમાં આપણી જેવાં કેટલા પરિવારો રહેતા હશે? ગામ, તાલુકો, જિલ્લો, રાજયને દેશ કેટકેટલી ભિન્નતા, છતાં દેશમાં એકતાનાં દર્શન થાય છે. ભલે પહેરવેશ, બોલી, સંસ્કૃતિ અલગ હોય પણ દેશમાં ઘણાં ઉત્સવો એવાં છે કે, સમગ્ર દેશમાં જુદા–જુદા માન્યતા પ્રમાણે ઉજવાય છે.સમગ્ર દેશ રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદો વિગેરેને અનુસરે છે એમાં આવતાં ઉત્સવો પણ ભાઈચારાથી ઉજવાય છે. શું આ એકતા નથી ? એટલે જ કહેવાય છે કે, ભારતમાં ' 'વિશ્વ વાત્સલ્યની ભાવના રહેલી છે.''આ સંદર્ભે હઠીસિંહ ઝાલાની વાત જાણવાને માણવા જેવી છે આપણે ભારતીય છીએ એવું માનીને આ કોલમનો અભ્યાસ કરવામાં આવશે તો જરૂર આપણો દેશ મેરા ભારત મહાન ચરિતાર્થની કરી શકીશું ?ભારતીય સંસ્કૃતિ વિની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંની એક છે. વિમાં આપણો જ દેશ એક એવો દેશ છે જયાં જાતિ, ધર્મ, ભાષા, જીવનશૈલી, પરંપરાઓ અને આર્થિક અસમાનતામાં, અને આ સિવાય અનેક બાબતોમાં અભ્દુત વિવિધતા જોવા મળે છે. છતાંય, એ તમામ ભિન્નતાઓ વચ્ચે એક સાથે જીવી રહેવું અને સામૂહિકતાનું બળ બનાવવું એ ભારતીય સંસ્કૃતિની ખાસિયત રહી છે.



આજે વિમાં વિયુદ્ધનો ભય મંડરાઈ રહેલો છે ત્યારે વિ ભય, સંઘર્ષ અને અસહિષ્ણુતાની લાગણીઓથી પરેશાન થઈ રહ્યું છે ત્યારે ''વિવિધતામાં એકતા'' એ શાંતિનો સાચો માર્ગ બની શકે છે. એકતા એ માત્ર સમાજને જ નહીં, પણ સમગ્ર રાષ્ટ્રને મજબૂત બનાવે છે. જયારે લોકો પરસ્પર એકતાની ભાવના સાથે આગળા વધે છે, ત્યારે મતભેદો હળવા પડી જાય છે. અને સહયોગનો માહોલ ઊભો થાય છે.એકતાથી કટુતા, ભેદભાવ અને હિંસાથી બચી શકાય છે. શાંતિ એ માત્ર હિંસાની ગેરહાજરી નથી, પણ એ એક માનસિક અવસ્થા છે જયાં પ્રેમ, સમજૂતી અને સ્વીકાર છે.દરેક માણસે અન્યનાં વિચારો, માન્યતાઓ અને જીવનમૂલ્યોનો આદર કરવો એ શાંતિ તરફનું પહેલું પગથિયું છે. આ સમયે જૈન ધર્મનો અનેકાંતવાદ યાદ આવી જાય છે. વિવાદ ટાળીને સંવાદ તરફ આગળ વધવું જોઈએ. વિભિન્ન સમુદાયોના તહેવાર અને પરંપરાઓને સામૂહિક રીતે ઊજવવાથી ભાઈચારાની ભાવના વધે છે. એકતાના લીધે સાંસ્કૃતિક આદાન–પ્રદાનને પ્રોત્સાહન મળે છે. વિવિધતામાં એકતા વિચારો, રિવાજો અને પરંપરાઓના આદાન–પ્રદાનને પ્રોત્સાહન આપે છે. આપણને નવીન અનુભવ આપે છે તથા આપણા દૃષ્ટિકોણને વિસ્તૃત કરે છે. રાષ્ટ્રથી પણ આગળ વધી વિ પ્રત્યેની આપણી સમજને સમૃદ્ધ બનાવે છે. વૈકિ જાગૃતિ આવે, જે આપણને સર્જનાત્મકતા તરફ લઈ જાય છે. આપણે ફ્લેકિસબલ બનીએ છીએ જેથી બીજા સમુદાયનાંરીતિ–રિવાજો, પરંપરામાંથી કંઈક નવું અપનાવી આપણામાં ઉમેરી શકીએ છીએ. કંઈક નવું ઉમેરાય તો વિકાસ થાય. સ્થિરતા એ મૃત્યુ છે.આજના વૈકીકરણના યુગમાં જયાં લોકો એકબીજા સાથે સતત સંપર્કમાં છે, ત્યાં સહઅસ્તિવ અને સમજૂતીનું મહવ ખૂબ જ વધ્યું છે. ભૂગોળ, ભાષા કે ધર્મના નામે થતા વિભાજનને ટાળવા માટે એકતા જ એકમાત્ર ઉપાય છે. અન્ય પ્રદેશના વિવિધ ભાષાઓ બોલતા લોકો સાથે વાતચીત કરવાની વારંવાર તક મળે આનાથી બહુભાષી સંદેશાવ્યવહાર કૌશલ્યનો વિકાસ થાય છે.આપણું સંવિધાન પણ દરેક નાગરિકને સમાન અધિકાર, ધાર્મિક સ્વતંત્રતા અને ભાષાની છૂટ આપે છે. કલમ ૧૫ જાતિ, લિંગ, ધર્મ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. વિવિધતામાં એકતાને પ્રોત્સાહન આપે છે. પહેલાં આપણે ગામડામાં કૂવો, મંદિર, સ્મશાન અલગ રાખતા હતા, અત્યારે પીવાના પાણી માટે ઘેરઘેર નળ આવી ગયા છે પણ હજુ મંદિર અને સ્મશાન અલગ છે. જે એકતા માટે અડચણરૂપ છે. દરેક ગામમાં બધા જ સમુદાય માટે એક સ્મશાન, એક મંદિર હોય તો એકતા થાય. એક મંદિર એટલે દરેક સમુદાયને ભેદભાવ વગર પ્રવેશવાનો અધિકાર. આ સામાન્ય બાબત લાગે પણ એકતા માટે ખૂબ જ જરૂરી છે. ''વસુધૈવ કુટુંબકમ'' કે ''વિવાત્સલ્યની ભાવના'' જેવી ભારતીય વિચારધારાઓ જ આજે શાંતિ માટે માર્ગદર્શક બની શકે છે. ભિન્નતાઓ હોવા છતાં, જયારે આપણે મનથી એક હોઈએ છીએ ત્યારે જ સાચી શાંતિ અને સમરસતાનો અનુભવ કરી શકીએ છીએ. એકતાની ભાવના વગર આપણે કદાપિ શાંતિપૂર્ણ અને સમરસ સમાજ નહીં બનાવી શકીએ અને સાથે સાથે આર્થિક સામાજિક અને વૈકિ પડકારોનો સામનો પણ નહીં કરી શકીએ.વિવિધતા એ આપણું સૌંદર્ય છે, દુર્ભાગ્ય નહીં. આપણને દિવાળી, ઉત્તરાયણ, હોળી, નવરાત્રી, ગણેશોત્સવ, પર્યુષણ, નાતાલ, ઈદ વગેરે જેવા તહેવારો કોઈ સમુદાયને ધ્યાનમાં લીધા વગર સાથે જ ઊજવવા મળે છે. એકતાનું સરસ ઉદાહરણ જોવું હોય તો, જૈન સમાજને હિન્દુથી અલગ કોઈ પણ ગણતું જ નથી તે છે. હું ઉપાશ્રયમાં આયંબિલ કરવા જઉં ત્યારે મને એવો કદાપિ વિચાર નથી આવતો કે હું તેમનાથી અલગ છું અને જૈનોએ પણ કદાપિ અલગ ગણ્યો નથી. મહાવીર જન્મકલ્યાણક, ઈદ, નાતાલ વખતે તે ધર્મના મિત્રોને ત્યાં જઈએ છીએ. ભારતનો દરેક નાગરિક એ વિવિધતા છે અને તેનું ભારતીય હોવું તે એકતા છે. ડો. રાધાકૃષ્ણને કહ્યું છે કે, ''જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે તો આપણે સેએ રાષ્ટ્રીય એકતાની આવશ્યતા સ્વીકારવી પડશે.''કવિવર રવિન્દ્રનાથ ટાગોર રચિત આપણા રાષ્ટ્રગીતમાં પણ ભારતીય એકતાની અભિવ્યકિત જોવા મળે છે.વિવિધતામાં એકતા એક એવો ખ્યાલ છે કે વિવિધ સમાજની સંસ્કૃતિઓ, ધર્મો, માન્યતાઓ, પરંપરાઓ, ભાષા અને દષ્ટિકોણને માને છે અને કહે છે કે આપણે એક સામાન્ય ''માનવતા'' ધરાવીએ છીએ. ખરેખર તો જ્ઞાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ આ બધાથી ઉપર જયારે માનવતા આવી જાય છે ત્યારે વિવિધતામાં એકતા આપોઆપ આવી જાય છે.અત્યારની સાંપ્રત પરિસ્થિતિ જોતાં આપણે ખુલ્લા મન અને સમાનતા પ્રત્યે પ્રતિબદ્ધ થવું પડશે આપણે બધા પ્રથમ માનવ છીએ, આપણામાં ''આત્મવત્ સર્વભૂતેષુ''ની ભાવના ઊભી કરીએ જેથી એકબીજા સાથે વધુ સુમેળભર્યા અને શાંતિપૂર્ણ વિ માટે સૌ સાથે મળીને કામ કરી શકીએ. તો જીવન સમૃદ્ધ બનશે અને સાચી શાંતિ મળશે. ખરેખર, ભાઈચારાની ભાવના હોય તો ગમે તેટલી વિવિધતા હોય તો પણ એ જ શાંતિનો સાચો માર્ગ બની...!!!



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ

## ' ' 'ગીતાજીનો ગૂઢાર્થ' ' – રાવજીભાઈ મ. પટેલ

**ગાંધી–ગંગા**
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

મીરજાપુરને બંગલે હું થોડા દિવસ રહ્યો એટલામાં બાપુજીએ મને પૂછયું : રાવજીભાઈ, હમણાં ઘેર ન જવું હોય તો આશ્રમમાં કામ છે. મકાનો થાય છે. મગનલાલ પહોંચી વળતા નથી. તમે બેત્રણ માસ ત્યાં રહો તો મગનલાલને રાહત મળે. તેમની પણ માગણી છે. તમે ત્યાં જશો ? મેં ખુશીથી હા પાડી અને હું આશ્રમમાં ગયો. તે વખતે રાષ્ટ્રીય શાળાના શિક્ષકોને રહેવાનાં મકાન થતાં હતાં. તેમ જ હૃદયકુંજવાળું મકાન પણ થવાનું હતું. થોડી મુદત પછી બાપુજી પણ બંગલેથી આશ્રમમાં આવ્યા. તેમને આશ્રમ સિવાય બીજે ગોઠે જ નહીં. હું દિવસે મકાનો પર દેખરેખ રાખું, તેનું માપ તૈયાર કઢું અને સાધનસામગ્રીનો હિસાબ રાખું અને રાતે ચોકી કરૂં. આશ્રમની પાસે જ છારાની વસ્તી હતી. તેથી અમે હંમેશાં ભયમાં હતા. આશ્રમમાં વારંવાર ચોરીઓ થવા માંડી. આથી ચોકી કરવાનું પણ ગોઠવ્યું હતું. દરરોજ રાત્રે બારથી ત્રણ સુધી મારો અને મહાદેવભાઈનો ચોકીનો વારો હતો. આમ કામ ચાલતું હતું તેવામાં ભરૂચથી એક ભાઈ આવ્યા. તે સાહિત્યરસિક હતા, તેમને કવિતા બનાવવાનો શોખ હતો. તે આશ્રમમાં રહેવા આવ્યા. બાપુજીએ તેમની સાથે વાત કરી અને પૂછયું : બોલો, શું કામ કરશો ? તેમણે કોઈ પણ કામ કરવાની પોતાની ઈચ્છા દર્શાવી. બાપુજીએ મને બોલાવ્યો અને કહ્યું કે આ ભાઈને મકાનના કાર્યમાં તમારી મદદે લઈ લો. તે ભાઈ મારી સાથે આવ્યા મેં તેમને મકાન ચણવા માટે જે ઈંટો આવે તે ગણીને ગોઠવવાના કામે રોકયા અને તેનો હિસાબ રાખવાનું સૂચવ્યું. આમ તેમણે બેચાર દિવસ કામ કર્યું. પણ તેમને કંઈ રસ પડે નહીં. તેમને એમ લાગ્યું કે : મારે આવું કામ ? આમાં શો ફાયદો ? આ તો અભણ મજૂરનું કામ. હું ભણ્યો ગણ્યો અને પુસ્તક લખી શકું, કવિતા રચી શકું, તેને બદલે અહીં તો ચાર દિવસથી તેનો વિચાર જ સ્ફુરતો નથી. અહીં વધારે રહેવાનું થાય તો હું જડ જેવો જ થઈ જાઉં ! મારી પાસે પણ તેમણે પોતાના વિચાર જણાવ્યા. મેં કહ્યું : તમારે તમારા વિચાર બાપુજી પાસે મૂકવા જોઈએ. અને તેમની પાસેથી સંતોષ મેળવવો જોઈએ. એ ભાઈએ બાપુજી પાસે પોતાની વાત રજૂ કરી, અને જણાવ્યું કે, હું તો અહીં આવ્યો ત્યારથી ઈંટ અને ચૂનામાં જ રોકાયો છું. તેમાંથી જ ઊંચો આવતોનથી.

**બાપુજીએ સહજ હસતાં જવાબ આપ્યો :** એ તો બહુ સારૂં. મને એ ગમ્યું. પણ બાપુજી, વાચન માટે કે વિચાર માટે બિલકુલ વખત નથી મળતોએ ભાઈએ જણાવ્યું.તેની જરૂર પણ શી? જરૂર હશે ત્યારે તે પણ મળી રહેશે. અત્યારે તો તમને સોંપેલા કાર્યમાં જ તમે મશગૂલ રહો અને વાંચવાનો મોહ છોડો. અહીં તો મુખ્યત્વે શરીર મહેનતનું કામ જ રહેવાનું અને આપણને વાંચવાનો મોહ વળગ્યો છે તે છોડાય તો તમે એટલું શીખ્યા એમ હું માનું.એ ભાઈનાથી આ વસ્તુ ન સમજાય એટલે પોતાની ભાવના દર્શાવવાને બોલ્યા : પણ હું અહીં આવ્યો એવા હેતુથી કે આપની પાસે 'ગીતાજીનો અભ્યાસ કરીશ, ' ગીતાજીના ગૂઢાર્થ હું સમજીશ, અને તેમ કર્યા પછી હું 'ગીતાજી વિશે કાંઈ લખવાની પ્રેરણા મેળવીશ.

તેમના મનની ભાવના વિશેનું કથન સાંભળી બાપુજી હસ્યા, અને બોલ્યા : તમારી ભાવના 'ગીતાજીનો ગૂઢાર્થ સમજવાની છે, એ સારી છે. અને તમે જે કાર્ય કરો છો તેમાં એકાગ્ર થવાથી તે ગૂઢાર્થ તમે સમજી શકશો. 'ગીતાજીનો ગૂઢાર્થ તો નિષ્કામ કર્મયોગ છે. ફળની કોઈ પણ જાતની તૃષ્ણા રાખ્યા સિવાય હાથ ધરેલા કાર્યમાં એકાગ્ર થવું, કર્મ કર્યા કરવું, એ 'ગીતાજીનો ગૂઢાર્થ. તમે તે પ્રમાણે વર્તન કરો છો. તમે જે કાર્ય કરો છો તેમાં તમને કાંઈ તૃષ્ણા નથી, કાંઈ સ્વાર્થ નથી. તે કાર્ય તમે એકચિત્તથી, યોગસ્થ થઈ કરો એટલે તમે આખી 'ગીતાજીનો અર્થ સમજયા અને તે પ્રમાણે વર્ત્યા. એથી વિશેષ શું સમજવાનું છે ? જો આપણી દિનચર્યાના કાર્યક્રમમાં જ 'ગીતાજીનો ઉપદેશ આચરાતો હોય, તો 'ગીતાજી વાંચીને, તેને વિશેનાં ભાષ્યો વાંચીને તે ઉપરથી આપણું જુદું ભાષ્ય રચવાનો મોહ શાને રાખવો ? તે ભાઈ તો આ પ્રવચન સાંભળી સ્તબ્ધ થઈ ગયા અને થોડી વારે બોલ્યા, હું જાણે અહીં આવીને જડ થતો હોઉં એવું મને લાગે છે. હું વાંચવા માટે, વિચારવા માટે અને આપની પાસે રહીને પ્રેરણા મેળવવા માટે અહીં આવ્યો. પણ મને લાગે છે કે મહિનાઓના મહિના હું અહીં રહું, છતાં આ રીતે તો હું કાંઈ ન પામું. બાપુજીએ તેમને સમજાવવા માંડયું : અહીંનું કામ જ એવું છે. જે કાર્ય તમે કરો છો તેમાંથી ચેતન મેળવતાં તમને આવડવું જોઈએ. ' ગીતાજીનો ગૂઢાર્થ હું પણ એ જ રીતે શીખ્યો છું અને એ જ રીતે અન્યને શીખવું છું. પેલા ભાઈ દશેક દિવસ રહીને નિરાશ થઈને ચાલ્યા ગયા.

## ઘમંડનું ફળ

ગંગા, જમના, કાવેરી, ગોદાવરી વગેરે અનેક નદીઓ છલછલ કરતી વહેતી હતી અને સમુદ્રમાં ભળી જતી હતી. સમુદ્ર ધ્યાનપૂર્વક તેમને જોઈ રહ્યો હતો. એણે જોયું કે કોઈ નદીનું પાણી સફેદ છે તો કોઈનું લીલું, તો વળી કોઈનું વાદળી રંગનું. તેણે જોયું કે પાણીના વેગ સાથે મોટા મોટા પથ્થર તણાતા તણાતા આવતા હતા. કેટલાંક વિશાળ કાય ઝાડ તણાઈ આવતાં હતાં, તો ક્યાંક ઘાસ–પાંદડાં જોવા મળતાં હતાં. સમુદ્રને એ નદીઓના પાણીમાં બીજા કોઈ સરકટના છોડ ન દેખાયા.ગંગા જયારે પાસે આવી ત્યારે સમુદ્રએ પૂછ્યું, ''ગંગાજી ! હું જોઈ રહ્યો છું કે તમે બધી નદીઓ ઝાડ, પથ્થરને સામાન્ય રીતે ખેંચી લાવો છો પણ મેં કોઈના પાણીમાં સરકટના છોડન જોયા. તે તમારા રસ્તામાં આવતા જ નથી કે પછી એને તમે નાના મોટાનો ભેદ રાખીને દૂર જ રાખો છો.''ગંગા બોલી, ''નહીં સ્વામી ! એવું નથી. સરકટનાં તો વનનાં વન અમારા કિનારા પર છે. તેમની સાથે કલાકો સુધી વાતો કરીએ છીએ. સરકટ નાનો છે તેથી શું? તે ઘણો જ નમ્ર છે, એ જાણે છે કે ક્યારે શું, કેવું કરવું. અમારાં મોજાં જયારે કિનારાને તોડી–ફોડીને વહે છે ત્યારે અમારૂં પાણી સરકટ સુધી ?ગંગા કહેવા લાગી કે, ''વૃક્ષો મોટાં અને ઘમંડી હોય છે, એટલે ટટ્ટાર ઊભાં રહે છે. સહેજ પણ નમતાં નથી. અમારૂ પાણી એના થડ સાથે અથડાય છે ત્યારે



**બાળ નિર્માણની વાર્તાઓ**
ડો.આશાબહેન એ.શાહ – સરસિજ

પહોંચી જાય છે, તે વખતે તેઓ નમી પડે છે. તે પણ એવી રીતે કે અમારૂં વહેણ હોય તે તરફ લાંબા થઈ જાય છે. સરકટનાં મૂળ ઊંડાં ઉતરતાં નથી. એને થડ પણ હોતું નથી. છતાં પણ અમે તેમને તાણી શકતાં નથી. જયાં અમારૂં પાણી ઊતરી જાય છે, ત્યાં જ તે ફરીથી રૂઆબભેર માથું ઊંચું કરીને ઊભા થઈ જાય છે. ઝડપથી પવન ફૂંકાતો હોય ત્યારે પણ તે ઝૂકી જાય.તો પછી આ મોટાં ઝાડ કેવી રીતે ખેંચાઈ આવે છે તે ઘણા અભિમાનથી કહે છે કે, અરે મોજાઓ, અહીંથી જાઓ, નહિ તો અથડાઈને ચૂરેચૂરા થઈ જશો. એમને પોતાની મોટાઈનું ભારે અભિમાન છે. એને લીધે તે ખેંચાઈ જાય છે. ઘમંડી હંમેશા દુ:ખી જ થાય છે.''સમૃદ્રે વિચાર્યુ કે એવા જ ઉન્નતિ કરી શકે છે જે અભિમાન કરતા નથી. પછી તે રૂપનું હોય, ધનનું હોય કે પછી બળનું હોય. અભિમાન ઘણી જ ખરાબ વસ્તુ છે.

## મુખ્ય આકારો

ત્રિકોણ



**(Triangle) :** ત્રિકોણ આકાર અને લાલ રંગથી બનેલાં ચિહનોને ચેતવણીદર્શન ચિન્હો (Warning Sign) કહેવાય છે. આ પ્રકારનાં ચિન્હો માર્ગમાં આવતા ભયજનક સ્થાનો અને સંભાવનાઓનું અગાઉથી જ સૂચન કરી દે છે, જેથી તેમાં દર્શાવેલ ચેતરવણીને ધ્યાનમાં લઈ જરૂરી પગલાં લેવાના થાય છે.

**સલામત માર્ગ**

આ સૂચનાઓનો અનાદર કરવાથી કાયદાકીય રીતે કોઈ સજા કે દંડ નથી થતો પરંતુ આપ અકસ્માતનો ભોગ બની શકો છો. ટૂંકમાં ચેતરવણીદર્શન ચિન્હો આપને અકસ્માતમાંથી બચાવવા માટે મૂકવામાં આવે છે.


## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### ચપટી વગાડતાં સફળતા

વિધેયાત્મક વિચાર, હકારાત્મક અભિગમ, ઉચ્ચ ધ્યેય, બિનજરૂરી દલીલો કે ફરિયાદ વૃતિનો ત્યાગ, યોગ્ય તક કે વાતાવરણને ઓખળવાની દ્રષ્ટિ, એકધારો આનંદી સ્વભાવ, હસમુખ વ્યકિતત્વ, કામ એ ઈશ્વર એવી ભાવના, સહજ આદર પ્રાપ્તિ, ઉચ્ચ મૂલ્યોનો આગ્રહ, વ્યવસાયનું સંપૂર્ણ જ્ઞાન, ભૂલનો તત્કાળ સ્વીકાર, સત્ય વચન અને સદ્વર્તનનો આગ્રહ – આટલી બાબતો જીવનમાં આવે, તેના ચરણો ચૂમે સફળતા ! આટલું કરવું અઘરૂ તો છે જ – થાય એટલું તો કરીએ !

## બિરંજ, પૂરી ને મઠો !



**બકોર પટેલની કહાણીઓ**
હરિપ્રસાદ વ્યાસ


ટીમુ પંડિત કહે : ''જુઓ ત્યારે. પટેલ આવે પછી મિજબાનીનું ઠરાવીશું. ખાવાની ચીજો નક્કી કરીશું. તે વખતે બધાંએ ફાળે પડતા પૈસા આપવાનું કબૂલ કરવું...''ગાડરખાં કહે : ''ફાળે પડતા ? પંડિતજી, તમે તો ફેરવી તોળ્યું !''ટીમુજી કહે : ''યાર, તમે બી જરા અક્કલસે તો ખુદા પિછાનો. હું કહું તેમ કર્યા કરવું. કોઈને એક પૈ આપવી નહિ પડે. જેણે આપવી પડે તેણે પૈસા મારી પાસેથી લઈ જવા. ખરચ બધો બકોર પટેલ ચૂકવશે. જોજો તો ખરા તમે !''''હેં ? હાથીશંકર ! તમારા લાડવા કેટલે આવ્યા ?....... ઓહો, લ્યો, આ પટેલ પણ આવી પહોંચ્યા ! આવો પટેલ, આવો આવો ! અમે બધા તમારી જ રાહ જોતા હતા. બધાની જીભડી તો વલવલાટ કરે છે. ચાલો, ચાલો, હાથીશંકર, ઝટ કરો. લાવો તમારા લાડવા.''પટેલ આવી પહોંચ્યા અને બેઠા. પટલાણી પણ આવ્યાં હતાં. થોડી વારમાં તાસકો આવી ને બધાએ લાડુ ને ભજિયાં ઝાપટવાનું શરૂ કર્યુ.હાથીશંકરે લાડુ એવા તો મઝાના બનાવ્યા હતા, કે બધાને ખૂબ ભાવ્યા; પણ પટેલને તો રતાળુનાં ભજિયાં જ ગમી ગયાં. ભજિયાં ગરમ ગરમ ઊતરતાં જાય અને પટેલ તાસક પર તાસક ભરાવી ઉડાવતા જાય.પટલાણી કહે : ''આમ અકરાંતિયાની માફક શું ખાઓ છો ? પેટમાં નડશે. જાણે ભજિયાં કોઈ દિવસ દેખ્યાં જ કેમ ન હોય !''પટેલ હસી પડતાં બોલ્યા :

''તને શી ખબર ? આ રતાળુનાં ભજિયાનું તોમેં ગોઠવ્યું. બાકી તમારા બધાંના નસીબમાં તો મેથીનાં કડવાં કડવાં ભજિયાં જ હતાં !''પટેલ વાત કરતાં કરતાં ગડફ દઈને એક ભજિયું મોમાં મૂક્યું ને પછી હસતાં હસતાં કહ્યું. : ''આહાહાહાહા ! શું સવાદ છે ! આવાં ભજિયાં તો . આપણે ઘેર પણ બનતાં નથી !''પટલાણીનું મોં ઊતરી ગયું. કહે : ''લો ત્યારે, અમને તો જાણે કશું આવડતું જ નથી; એમ ને ?'' પટલાણીના મોં પરનો ગુસ્સો જોઈ પટેલ ગમ ખાઈ ગયા.એટલામાં હાથીશંકર બોલી ઊઠ્યા : ''લાડુભજિયાંની વાત તો ઠીક; પણ પટેલ, આપણો વિચાર તો એક મોટી સરસ ઉજાણી ગોઠવવાનો છે.''પટેલ કહે : ''તો આપણી ક્યાં ના છે ?''એટલામાં ગોધુજી નાક સાફ કરતાં બોલ્યા : ''ભાઈ, એવી મોટી ઉજાણી ગોઠવીશું તો ખરચ મોટું આવશે. મારા જેવાનું એમાં ગજું નહિ.'' **(ક્રમશ:)**



બાલમિત્રો,

ધો.૫ માં અભ્યાસ કરતો જીયાન વર્ગમાં બેઠો બેઠો રડતો હતો. શિક્ષકે જીયાનને પુછયું. '' કેમ રડે છે. બેટા ? '' જીયાન કંઈ બોલ્યો નહિ. શિક્ષકે ફરી માથે હાથ મુકી પુછયું તો જીયાન વધુ રડી પડયો. શિક્ષકે તેને શાંત કર્યો. પછી હિંમત આપી પ્રેમથી ફરી પુછયું ત્યારે જીયાન કહે.'' સાહેબ, આનંદે મને ગાળ દીધી. મે એનો કંઈ કહયું જ નહોતું.'' શિક્ષકે આનંદ સામે જોયું. આનંદ નીચી મુંડી કરી બેસી રહયો. શિક્ષકે આનંને ઉંચા અવાજે પુછયું તો આનંદે કહયું.'' સાહેબ, સોરી, હવે આવુ નહિ. થાય. સોરી જીયાન.... શિક્ષકે જીયાન ને કહયું 'જીયાન, આનંદ સોરી કહે છે. એને એની ભુલ સમજાઈ છે. ચાલુ તું પણ એને સોરી કહી દે. '' જીયાને પણ આનંદને સોરી કહી કીધું. પછી બન્ને દોસ્ત બની ગયાં.બાલમિત્રો, આવી ગેરસમજ, ગંભીરતા બાળકોમાં હોતી નથી. બસ રમત રમતમાં આવું બની જતું હોય છે. જો એમાં બાળકો વચ્ચે ગેરસમજ ઉભી થઈ હોય તો તેને દુર કરવી બહું જરૂરી હોય છે. અન્યથા જિંદગીભર ગેરસમજ બની રહે છે. આવા કામ માતા–પિતા, મિત્રો, શિક્ષકો, કરી શકે છે. આને જ સાસી કેળવી, શિક્ષણ કહી શકાય..... પ્રિન્સીપાલ – રવજીભાઈ કાચા સાહેબ...



## ઈલાજ

**સંસ્કાર ગાથા**
શ્રી ગિજુભાઈ બધેકા — પૂ.શ્રી મુક્તાનંદ બાપુ

હકીમ પોતાના હકીમખાનામાં ગયો ને એક પડીકામાં થોડી રાખ બાંધીને વઝીરના હાથમાં પકડાવી દીધી. વઝીર પડીકી લઈને મહેલમાં પાછો ફર્યો.

બાદશાહે દવાની પડીકી ખોલી ને એમાં રાખની ચપટી જોઈને ખીજાઈ ગયો ! એણે તરત જ વઝીરને હુકમ કર્યો કે હકીમને પકડીને એની સામે ઝટપટ હાજર કરો.

વળી હકીમના બારણે જોરદાર ટકોરા પડયા. હકીમ ચતુર હતો, તેથી સમજી ગયો કે એને રાજનું તેડું આવ્યું છે ! બાદશાહને શો જવાબ દેવો, તે પણ એણે મનોમન ગોઠવી રાખ્યો હતો.

હકીમે બારણું ઉઘાડયું, તો એની સામે બાદશાહનો નોકર ઊભો હતો. એ મોટેમોટેથી બોલવા લાગ્યો : 'જલ્દી કરો. માલિકે આપને તરત જ મહેલમાં બોલાવ્યા છે.'

હકીમ નાસિરૂદીન અફંદીએ ઝટપટ કપડાં બદલ્યાં અને દવાની પેટી લઈને એ રાજ–ચાકર સાથે મહેલમાં પહોંચ્યો.

જયારે એ મહેલમાં પહોંચ્યો, ત્યારે બાદશાહ દાંત કચકચાવતો હતો ને આકળવિકળ બનીને આંટા મારતો હતો.

હકીમને જોઈને એ એકાએક થંભી ગયો ને લાલઘૂમ આંખો કરીને બોલ્યો :

'હું પૂછું છું કે તારામાં આટલી હિંમત? મેં તારી પાસે દાંતના દુ:ખાવાની દવા મગાવી ને તે પડીકીમાં ગંદી, ગંધાતી રાખ મોકલી ?

તારી એવી તે શી હેસિયત કે તું બાદશાહ સાથે પણ મજાક કરી શકે ?'

અફંદી હકીમ કાંઈ બોલ્યાચાલ્યા વિના ચૂપચાપ ઊભો રહ્યો. એના મોં પરની એક પણ રેખા બાદશાહનો ગુસ્સો ન બદલી શકી. એ તો ટેસથી બસ, બાદશાહનો લાલચોળ ચહેરો જોતો રહ્યો. પછી એણે ધીમેથી કહ્યું :

'જહાંપનાહ, આપ નાહક ગુસ્સો કરો છો ! એ દવાની કિંમત એટલી જ છે, જેટલી આપના સોનાની !'

હકીમની વાત સાંભળતાં જ બાદશાહને જૂની વાત યાદ આવી ગઈ. હકીમની ચતુરાઈએ બાદશાહના માથાને ઝૂકાવી દીધું ! એના મોંમાથી એક શબ્દ પણ ન નીકળ્યો. બસ, ત્યારે જ બાદશાહે હકીમ અફંદીને ત્યાં પોતાના વચન મુજબનું ઈનામ–સોનું આપી દીધું !

તે વખતે હકીમે કહ્યું :

'બાદશાહ–સલામત, હકીમે માત્ર રોગ જ નહિ, પણ માણસની દાનતનો યે ઈલાજ કરવો પડે છે !'

## ટાબરીયાનું જંગ : ડરી ડરીને જીવવું નહીં

''વાહ બેના ! નાના ભઈલાને બચાવવા માટે તેં કરચલાને લાત મારી. આ ચીરો જે પડ્યો છે. તે તારાં પરાક્રમની નિશાની છે. વાહ! તું મારી બહેન છે. તેથી મારી છાતી ફુલી રહી છે.''પછી ધરાએ હીરોને કેળું ખવડાવવાનું કહ્યાં.દિશાને પણ એક કેળું આપ્યું. તે કંઈક ગણતરી કરી રહી.વિ એ જોઈ રહ્યો. ''શેની ગણતરી કરો છો ? હું કંઈક મદદ કરવા લાગું ?'' ''૫૫૫ા કહેતા હતા કે તેમણે દસ દિવસ સુધી ચાલે એટલાં ખોરાક પાણી લીધાં છે. પણ હવે ઘણાં દિવસો સુધી રોકાવું પડે તો કરકસર કરવી જોઈએ.'' ધરાનાં અવાજમાં ફિકરનો સંદેશો હતો વિશુએ કહ્યું કે હીરો માત્ર તેર મહિનાનું બાળક છે. તેના માટે જ ખાસ પ્રકારના ખોરાકની જાળવણી કરવી જોઈએ. દિશાએ યાદ કરાવ્યું કે પહેલા દિવસે મળેલું પુષ્કળ મધ ઘણા દિવસો સુધી તેમને કામ આવશે. જે હીરોને ખાવા માટે આપી શકાય એ આપણે માટે ઓછું વાપરીશું તો કશુંય ખૂટશે નહીં.

પછી બાજરાના રોટલા બન્યા. ને ચણાનું શાક. સાથે ખાટું ખાટું અથાણું. હીરોને બાજરાના લોટની મીઠી રાબ પાવા માટે દિશાએ પ્રયત્ન કર્યો. ધરાની મમ્મી ત્રણેય બાળકોને રસોડાને લગતાં કામ સોંપતી. ધરા પપ્પાને ખવડાવવા માટે બે વર્ષ પહેલાથી બાજરાના રોટલા બનાવતાં શીખી ગઈ હતી. તેની મમ્મીને કોઈ કોઈ દિવસે ઈસ્પિતાલમાં લાંબો સમય રોકાવું પડતું હતું. તે સમયે તેણે રસોઈ કરવી પડતી. એટલે કાચુંપાકું રાંધતાં તે શીખી ગઈ હતી.

વાસણ સાફ કરવા માટે જતાં પહેલાં તેમણે અનાજ કઠોળ તેમજ શાકભાજી જોઈ લીધાં. દિશાને પેરાસિટામોલની ટેબલેટ આપી. જેથી દુખાવો બંધ થાય. વિશુએ વાસણો ને પાણી ભરવા માટે ખાલી જગ લઈ લીધાં. દિશા લાકડીના ટેકે ખોડંગાતી ચાલવા લાગી. ધરા હીરોને કેડ પર બેસાડી મોગલીની વાર્તા કહેતી ચાલતી હતી. કોતરે પહોંચ્યાં. અંકલ સાથે જંગલમાં આમળાંના ઝાડવાં સુધી પહોંચી ગયેલાં એ યાદ કર્યુ. એ રસ્તે જતાં નિશાનીઓ કરેલી. એ જોતાં જોતાં ત્યાં સુધી ગયાં. ટાબરિયાંઓએ પુષ્કળ આંબળા ખાધાં. પાણી પીધું. ઝોળી ભરીને આંબળા સાથે લીધાં. ગોઠડી કરતાં હસતાં રમતાં તેઓ પાછાં ફર્યા.ઓહ! જીપ પાસે આવતાં જ જોયું તો ગાડી પાસે વાંદરાંની ટોળી ! હૂપ હૂપ હૂપાહૂપ ! ચિચિયારી કરતાં તેઓ ભાગ્યાં. જીપ પાસે બે ત્રણ બચ્ચાંઓ હજી સુરણ શક્કરિયાંની ઝૂટાંઝૂટ કરતાં હતાં તે લઈને જાય ભાગ્યાં.

અરેરે ! આ લોકો આપણું દસ દિવસનું ખાઈ ગયાં... મારાં સફરજન પણ લૂંટી ગયાં. ચોરટાઓ ! ખાઈને ભાગી ગયાં ! ' 'દિશાએ ભેંકડો તાણ્યો.''

ધરાએ તપાસ કરી. અનાજ કઠોળની પોટલીઓ પણ ગાયબ હતી. લોટ ભોંય પર વેરણછેરણ હતો. વિશુ જે કંઈ મળ્યું તે ભેગું કરી રહ્યો. હા, ગાડીનો એકાદ દરવાજો ખુલ્લો રહી ગયો હતો. બેદરકારી બદલ પોતાને દોષિત સમજી રડવા માંડ્યો. ધરાએ બંનેને છાના રાખ્યાં. (જંગલમાં ટાબરિયાંઓનો જંગ) **(ક્રમશ:)**

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી–કુંકાવાવ માર્ગ ઉપર

ફોર વ્હીલર વચ્ચે જોરદાર ટક્કર થતા બાઈક સવાર યુવકને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, કુંકાવાવ–અમરેલી હાઈવે પર આવેલા અમરાપુર ગામ પાસે એક બાઈક અને ફોર વ્હીલર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બાઈક પર એક પુરૂષ અને એક મહિલા સવાર હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈક ચાલક ફંગોળાઈ ગયો હતો. અકસ્માતમાં યોગેશભાઈને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. બાઈક પર પાછળ બેઠેલા મહિલાને સદનસીબે સામાન્ય ઈજાઓ પહોંચી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત યોગેશભાઈ અને મહિલાને વધુ સારવાર માટે અમરેલીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું વાડી વિસ્તારમાંથી લોખંડનાં દરવાજાની

બહારગામ ગયેલ હતા, તે દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે સમઢીયાળા ગામે જાંજરીયા રોડ ઉપર આવેલ તેમની ખેતીની જમીનમાં લગાવેલો એક લોખંડનો ડેલો (દરવાજો) ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગેની હસમુખભાઈ દ્વારા અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

જે અંગે બગસરા પોલીસ ઈન્સપે. વી.કે. ગોલવેલકરના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ ટીમ દ્વારા ઘરફોડ ચોરીનો અનડિટેક્ટ ગુન્હાનો ભેદ ઉકેલવા માટે સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્ક્સ બાતમી રાહે બગસરા પોલીસ સ્ટેશનના સીમચોરીનો ગુન્હો ભેદ ઉકેલી આરોપી મેરામભાઈ કાબાભાઈ માટીયા (રહે. સમઢીયાળા તા. બગસરા)ને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ગીર પૂર્વનાં જસાધાર રેન્જનાં

કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની જાહેરાત તેમનાં દ્વારા સોશ્યલ મીડિયામાં પ્રસારિત કરવામાં આવેલ હતી. આ અંગેની જાણ થતાં જ વનવિભાગ સક્રિય બન્યું હતું અને પ્રતિબંધિત વિસ્તારમાં આ પ્રકારનું આયોજન કરવા અંગે આયોજકને તાત્કાલિક નોટિસ ફટકારી હતી.

આ નોટિસ દ્વારા વનતંત્ર દ્વારા પૂછવામાં આવ્યું હતું કે, સિંહ સંરક્ષણ હેઠળ આવતા સંવેદનશીલ વિસ્તારમાં કાર્યક્રમ યોજવા માટે કોની મંજૂરી લેવામાં આવી છે ? ગીર વિસ્તાર એ એશિયાટિક સિંહોના વસવાટ માટે મહત્વપૂર્ણ હોવાથી કોઈપણ માનવ પ્રવૃત્તિથી વન્ય પ્રાણીઓને ખલેલ પહોંચે તેવો ભય હોય છે તેમ વનવિભાગ દ્વારા જણાવેલ છે.

વનવિભાગની આ કાર્યવાહી બાદ કાર્યક્રમનાં આયોજક જળક્રાંતિ ટ્રસ્ટે ગીર ગાય અને પશુપાલકોને કેન્દ્રમાં રાખી યોજાયેલ કાર્યક્રમને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. આ મામલે ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ સહાયે જણાવ્યું હતું કે સિંહોના રહેણાંક વિસ્તારમાં કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે વનવિભાગ સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે અને નિયમોના પાલન માટે કડક પગલાં લેવામાં આવશે.

વનવિભાગના આ પગલાથી સંવેદનશીલ વિસ્તારોમાં અનધિકૃત પ્રવૃત્તિઓ સામે કડક સંદેશો ગયો છે.

## પાના ૮ ઉપરનું ચાલું પહેલી સ્ટ્રાઈક ગેસ પર

માત્ર ત્રણ મહિનામાં કિંમત ૮૧ ટકા વધારાઈ છે. આ વધારાની અસર ચાની દુકાન, હોટલ, બેકરી અને મિઠાઈ સહિતની દુકાનો પર પડશે. આ જ કારણે સામાન્ય લોકોનું ભોજન મોંઘી થઈ જશે. ગેસ બાદ પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો થઈ શકે છે.' તેમણે કટાક્ષ કર્યો છે કે, પહેલા ગેસ પર સ્ટ્રાઈક કરવામાં આવી, હવે પેટ્રોલ-ડીઝલ પર સ્ટ્રાઈગ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂરી થયા બાદ સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો વધારો કર્યો છે. જોકે, રાહતની વાત એ છે કે ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ભાવમાં થયેલા વધારા બાદ દિલ્હીમાં હવે એક સિલિન્ડરની કિંમત ૩૦૭૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ ૧ એપ્રિલના રોજ ૨૦૭૮.૫૦ રૂપિયા હતી. આ વધારાની સાથે જ હવે દેશભરમાં રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થઈ જશે. રાંધીને ખાવાની વસ્તુઓના ભાવમાં પણ તોતિંગ વધારો આવશે. આ ઉપરાંત સ્ટ્રીટ ફૂડના ભાવ પણ વધી શકે છે.

ગેસના ભાવમાં વધારા પાછળ અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ મુખ્ય કારણ માનવામાં આવે છે. હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બ્લોક હોવાને કારણે ભારત માટે ગેસ અને તેલનો પુરવઠો ખોરવાયો છે. પુરવઠામાં ઘટાડો અને અન્ય સ્થળોએથી આયાત વધારવાને કારણે વધારાની પડતર કિંમતનો બોજ ગ્રાહકો પર આવ્યો છે.

કોમર્શિયલ ગેસ મોંઘો થવાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડના ભાવમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે, જેનાથી સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૧૦ | ૧૫૭૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૪૨૦ | ૧૮૪૫ |
| ૩ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૦૦ |
| ૪ | તલ કાળા | ૧૮૧૫ | ૩૬૪૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૦ | ૫૩૦ |
| ૭ | મકાઈ | ૩૦૦ | ૩૪૫ |
| ૮ | મગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૧૧ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૫૫ |
| ૧૨ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૪૯૫ |
| ૧૪ | કપાસ | ૧૦૬૫ | ૧૮૮૦ |
| ૧૫ | એરંડા | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૧૬ | જીરૂ | ૨૨૭૫ | ૪૧૫૦ |
| ૧૭ | રાયડો | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૮ | રાય | ૯૯૫ | ૧૩૫૫ |
| ૧૯ | ધાણા | ૨૨૦૦ | ૨૪૮૫ |
| ૨૦ | ધાણી | ૧૮૦૦ | ૨૫૫૫ |
| ૨૧ | અજમા | ૧૭૦૦ | ૨૦૬૦ |
| ૨૨ | મેથી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૨૩ | સોયાબીન | ૯૫૫ | ૧૨૬૫ |
| ૨૪ | મરચા લાંબા | ૧૦૪૦ | ૩૫૧૦ |
| ૨૫ | કાંગ | ૩૦૦ | ૫૧૫ |
| ૨૬ | કલોંજી | ૨૪૦૦ | ૨૪૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું ધારીનાં સરસીયા ગામનાં વૃધ્ધે

વાળા નામનાં ૬૨ વર્ષીય વૃધ્ધની આર્થિક પરીસ્થતિ નબળી હોવાના કારણે તેઓ માનસીક ટેન્શનમાં રહેતાં હોય તેમણે ગત તા.૨૯ ના રોજ ૧૨/૩૦ વાગ્યાથી તા.૩૦ ના સાંજનાં ૪ દરમિયાન સરસીયા ગામની સીમમાં આવેલ કુવામાં પડી જઈ તેમનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતી કિરણબેન સાગરભાઈ આલગોતર નામની ૨૨ વર્ષીય પરિણીતાએ ગત તા.૩૦ ના સવારના આશરે સાડા દસેક વાગ્યાના સમયે જરખીયા ગામે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે રૂમના પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં બાઢડા ગામનાં યુવકની

પડતર જગ્યામાં ઉતારી નાસી ગયેલ હોય. આ મૃતક યુવક નિલેષને માર મારવાને કારણે નિલેષભાઈનું મોત થયેલ હતું. આ બનાવ અંગે મૃતકનાં ભાઈ વિરલભાઈ રમેશભાઈ ચુડાસમા (રહે. બાઢડા) વાળાએ આ આરોપી વિરૂધ્ધ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા અમરેલી ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીએ આ ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીને પકડી પાડવા અમરેલી એલસીબી ટીમને સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી એલસીબી પોલીસ ટીમ ધ્વારા આ હત્યાનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપી વિજય ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ તથા અમીત મનુભાઈ હડીયાને બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં પકડી પાડી આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે. જયારે આ બનાવના નાસતા ફરતા આરોપી જેસર તાલુકાનાં કરલા ગામે રહેતા તરૂણ વલ્લભભાઈ બાંભણીયા તથા મહુવા તાલુકાના માળીયા ગામે રહેતા બિપીન મનસુખભાઈ કલસરીયાને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું ૧.૭ લાખની છેતરપીંડી

અમરેલીનાં હનુમાનપરા વિસ્તારમાં આવેલ ગોકુલ ગાર્ડન, શેરી નં. ૧માં રહેતાં કમલેશભાઈ હરેશભાઈ વ્યાસ, નામનાં ૪૯ વર્ષીય આધેડ અમરેલીનાં માણેકપરામાં આવેલ એચ.ડી.એફ.સી. બ્રાંચમાં સેવીંગ એકાઉન્ટ ધરાવતા હોય તેમને બેંક એકાઉન્ટ નં. ૦૦૩૩૨૧૭૨૧૧ ૧૯૬૧૩ તથા બેંક એકાઉન્ટ નં. ૦૦૩૨૧૭૨૧૧૨૨૭૨૮ ધરાવતાં કોઈ અજાણ્યા આરોપીએ આધેડના મોબાઈલ ફોનમાં આર.ટી.ઓ. ચલનની એ.પી.કે. ફાઈલ મોકલી અને ખોટી ઓળખ ઉભી કરી આધેડનો મોબાઈલ ફોન હેક કરી લઈ આધેડનાં બેંક અકાઉન્ટમાંથી ગત તા. ૨૧/૧/૨૬ થી તા. ૨૨/૧/૨૬નાં આશરે સવારે ૧૦ વાગ્યા દરમ્યાન અલગ–અલગ ચાર જેટલાં ટ્રાન્જેકશન કરી કુલ રકમ રૂપિયા ૧,૦૭,૦૦૦ અજાણ્યા આરોપીએ જુદા જુદા યુ.પી.આઈ. થી બેંક એકાઉન્ટ નં. ૦૦૩૩૨૧૭૨૧૧૧ ૯ ૬૧૩ તથા બેંક એકાઉન્ટ નં. ૦૦૩૩૨૧૭૨૧૧૨૨૭૨૮ માં ટ્રાન્સફર કરી આધેડનાં પૈસાનું ઓનલાઈન ફ્રોડ કરી ઓળવી જઈ ઠગાઈ કર્યાની આધેડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં લાઠી માર્ગ અચાનક બંધ

કામગીરી શરૂ કરી દેવામાં આવે છે જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આ કામોમાં જિલ્લા વહીવટીતંત્રની મંજૂરી કે માર્ગદર્શિકા લેવામાં આવે છે કે નહીં ? તે અંગે પણ સવાલો ઊભા થયા છે.

આજે વ્હેલી સવારે અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ રેલ્વે ફાટક પાસે કોઈ પણ જાતની આગોતરી સૂચના કે જાણ વગર કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું અને અમરેલીથી લાઠી જવાનો મુખ્ય માર્ગ અચાનક બંધ કરી દેવાયો હતો. જેના કારણે સુરત, મુંબઈ, અમદાવાદ, ભાવનગર, બોટાદ સહિતના શહેરોમાં આવવા–જવા માટેનો મહત્વપૂર્ણ માર્ગ બંધ થતાં મુસાફરો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો.

શહેરના મુખ્ય માર્ગો એવા ચિતલ રોડ તથા સેન્ટર પોઈન્ટ ઉપર ચાલતા ખોદકામ અને રોડના કામોને કારણે લોકો સર્પાકાર રીતે વાહન ચલાવવા મજબૂર બન્યા છે. ટ્રાફિક વ્યવસ્થામાં અવ્યવસ્થા સર્જાતા અકસ્માતોની શકયતા પણ વધી ગઈ છે. સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે વિકાસ કાર્યો યોગ્ય આયોજન, સમયપત્રક અને આગોતરી સૂચના સાથે હાથ ધરવામાં આવે જેથી નાગરિકોને કોઈ અનાવશ્યક મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૭૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૬૫ | ૧૪૫૫ |
| ૪ | જીરૂ | ૩૪૪૦ | ૩૯૯૦ |
| ૫ | ચણા | ૧૦૨૦ | ૧૦૬૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | તુવેર | ૧૪૨૦ | ૨૫૬૦ |
| ૮ | તલ સફેદ | ૧૬૨૫ | ૨૦૫૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૩૪૫૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૭૮૫ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૩૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૪૮૩ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૫૧ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૫૦૧ | ૧૮૦૦ |
| ૧૦ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૩૯ |
| ૧૩ | એરંડી | ૧૨૧૮ | ૧૨૧૮ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૧૨૧૦ |
| ૧૫ | સોયાબીન | ૧૧૪૧ | ૧૧૪૧ |
| ૧૬ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |

## પ્રિય સખી

અમરેલી, તા. ૧

આ એક ગીરના જંગલની વાત છે. ગીરના જંગલ પાસે રહેનાર એક ગોવાળીયો હતો. તેણી પાસે ઘણી બધી ગાયો હતી. તેની એક દિકરી હતી. તેનું નામ ગોરી હતી. તે પશુ પ્રેમાળ હતી. તેની એક પ્રીય ગાય હતી. જેનું નામ કામધેનું હતું. જે તેની સખી ગોરી દરરોજ સવારે વહેલા ઉઠીને સ્નાન કરીને કામધેનુની પ્રશ્ન કરતી હતી. અને તેની સાથે વાતો પણ કરતી તેને ઘાસ ખવરાવતી અને તેનું ધ્યાન પણ રાખતી હતી.

એક દિવૃસ ગોવાળીયો બધી જ ગાયોને લઈને અને સાથે કામધેનુ પણ લઈને ગીરના જંગલમાં ચરવા માટે લઈ જતો હતો. ગોવાળીયાની નાની દીકરીને પણ સાથે આવવું હતું કારણ કે તેની પ્રીય ગાય જાતી હતી એટલા માટે તેથી તેની જીદ કરવાથી તેને પણ સાથે લઈ જાય છે. ગૌરી તેની સખી સાથે વાત કરતા કરતા ગીરના જંગલમાં પહોંચી જાય છે. અને ઘી ગાયો ચરવા મડે છે. કામધેનુ ચરતા ચરતા દુર વય જાય છે ત્યારે અચાનક તેની સામે એક સિંહ આવી જાય છે. કામધેનુની નજર સિંહ પર પડતા જ તેને ખબર પડી ગઈ કે સિંહ મને ખાઈ જાહે એટલા માટે કામધેનુ ત્યાંથી દોડવા મડી પરંતુ કામધેનુના ગળામાં ઘંટી હતી તેનુ અવાજ સાંભળી ગૌરી તરત જ તે બાજુ દોડી જે બાજુ ઘંટીનો અવાજ આવતો હતો.

ત્યાં પહોંચતા તેને જોયું કે તેની પ્રીય સખી પાછળ સિંહ પડયો છે. આ જોયને ગોરી તુરંત જ કામધેનુ આગળ આવી જાય છે. અને કામધેનુને કહે છે કે તું અહીંથી ભાગી જા ત્યારે અચાનક જ સિંહે ગોરી પર હુમલો કરીયો અને સિંહ ગોરીને મારીને ખાઈ ત્યાંથી વય જાય છે. અને પ્રીય સખી કામધેનુને બચાવવા માટે પોતાની જાન કુરબાન કરી દીધી.

**નામ : ગોંડલીયા જાનવી વિપુલભાઈ**
**મો.નં. ૯૯૭૯૦ ૨૮૩૭૨**
**શાળાનું નામ : શ્રી ચિત્તલ હાઈસ્કુલ ચિત્તલ**

## પ્રકૃતિ સાથેનો પ્રેમ: એક ક્લિકમાં કેદ થયેલો માનવ અને પ્રાણીનો અદભૂત સંગમ

અમરેલી, તા. ૧

આ ફોટો એક સરળ ક્ષણને પણ કેટલું જીવંત બનાવી દે છે તે બતાવે છે. ફોટામાં દેખાતો વ્યકિત પ્રકૃતિના માહોલમાં ઉભેલો છે, જયાં લીલાછમ ઝાડો અને સૂર્યપ્રકાશનો નાજુક સ્પર્શ સમગ્ર દશ્યને શાંતિપૂર્ણ બનાવે છે. પરંતુ આ ફોટાની ખાસિયત માત્ર આ સુંદર બેકગ્રાઉન્ડ નથી આમાં સૌથી આકર્ષક તત્વ છે તેના ખભા પર બેઠેલું નાનકડું પ્રાણી ખિસકોલી છે.

આ ખિસકોલી વ્યકિતના ખભા પર આરામથી બેઠેલું છે, જાણે બંને વચ્ચે એક અદભૂત મિત્રતા હોય. માણસના ચહેરા પરની હળવી સ્મિત અને પ્રાણીની નિર્ભય હાજરી એ બતાવે છે કે કુદરત અને માનવ વચ્ચેનો સંબંધ કેટલો સહજ અને નિર્દોષ હોઈ શકે.

આ ફોટો આપણને એક સંદેશ આપે છે જયારે આપણે પ્રકૃતિ સાથે જોડાઈએ છીએ, ત્યારે જીવનમાં શાંતિ અને આનંદ આપમેળે આવી જાય છે. આ નાની ઘટના આપણને યાદ અપાવે છે કે ખુશી મોટા પ્રસંગોમાં નહીં, પરંતુ આવી નાની અને અનોખી ક્ષણોમાં છુપાયેલી હોય છે.

આવો દશ્ય માત્ર ફોટોગ્રાફ નથી, પરંતુ એક લાગણી છે જેમાં વિસ, કુદરત અને નિર્મળઆનંદનો સંદેશ છુપાયેલો છે..

તસ્વીરની ખાસિયત એ છે કે સામાન્ય રીતે લોકો જેને જોઈને ડરી જાય એવા નાના જીવ પણ અહીં નિર્ભય બનીને એક વન અધિકારીના ખભા પર આવીને બેસે છે. આ દશ્ય માત્ર અનોખું જ નથી, પરંતુ તે એક મજબૂત સંદેશ પણ આપે છે જયારે માનવ પ્રકૃતિને સાચે જ સમજવા લાગે છે, ત્યારે પ્રાણી પણ તેને પોતાના જેવા જ સ્વીકારી લે છે.



રાજદીપ સિંહ ઝાલા વર્ષોથી વનવિભાગમાં સેવા આપી રહ્યા છે અને પ્રાણીઓ સાથે તેમનો ગાઢ સંબંધ છે. તેઓ માત્ર ફરજ બજાવતા અધિકારી નથી, પરંતુ પ્રકૃતિના સાચા મિત્ર છે. તેમના જેવા અધિકારીઓ જ જંગલોને જીવંત રાખે છે અને પ્રાણીઓ માટે સુરક્ષિત વાતાવરણ બનાવે છે. આ તસ્વીર એ જ સંબંધને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

ફોટામાં દેખાતું નાનકડું પ્રાણી ખિસકોલી પ્રેમ લાગણીનો આકાર ધરાવે છે, જે સામાન્ય રીતે માણસથી દૂર રહેવાનું પસંદ કરે છે. પરંતુ અહીં તે નિર્ભય રીતે ખભા પર બેસીને માણસ સાથેનો સ્પર્શ અનુભવે છે. આ ક્ષણ બતાવે છે કે વિસ કોઈ શબ્દોથી નહીં, પરંતુ લાગણીઓથી ઉભો થાય છે..

આવો દશ્ય એક ઐતિહાસિક ક્ષણ સમાન છે, જે બતાવે છે કે માનવ અને પ્રાણી વચ્ચેનો સંબંધ માત્ર ડર અને અંતરનો નથી, પરંતુ પ્રેમ, વિસ અને સહઅસ્તિત્વનો પણ હોઈ શકે છે. રાજદીપ સિંહ ઝાલાની આ તસ્વીર એ સાબિત કરે છે કે જયારે હૃદયથી જોડાણ થાય છે, ત્યારે પ્રકૃતિ પોતે આગળ આવીને તમને સ્વીકારી લે છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૬૩ | ૧૭૩૬ |
| ૨ | મગફળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૫૦ |
| ૪ | સોયાબીન | ૧૦૬૬ | ૧૦૬૬ |
| ૫ | જુવાર સફેદ | ૭૧૫ | ૭૧૫ |
| ૬ | ધાણા | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૭ | એરંડા | ૧૨૨૧ | ૧૨૨૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૪૫ | ૪૫૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૫૫ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૩૫ |
| ૫ | ધાણા | ૧૯૫૦ | ૨૪૨૦ |
| ૬ | અડદ | ૭૫૦ | ૭૫૦ |
| ૭ | તુવેર | ૯૪૫ | ૧૩૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | મગફળી | ૮૦૦ | ૧૨૫૦ |
| ૧૦ | મેથી | ૧૧૯૫ | ૧૨૦૦ |
| ૧૧ | સોયાબીન | ૯૫૫ | ૧૧૪૨ |
| ૧૨ | જુવાર | ૩૯૫ | ૩૯૫ |
| ૧૩ | શીંગફાડા | ૧૪૪૫ | ૧૪૪૫ |
| ૧૪ | લસણ | ૨૦૦ | ૨૫૦ |

### ફીમેલ લીડ માટે ટોચની હિરોઈનની પસંદગી થશે

## તુમ્બાડ ટુ માટે પ્રિયંકા, કેટરિના અથવા નયનતારાની વિચારણા

મુંબઈ, તા.૧

સોહમ શાહની 'તુમ્બાડ ટુ'માં લીડ હિરોઈન તરીકે પ્રિયંકા ચોપરા, કેટરિના કૈફ અથવા તો નયનતારાને ઓફર કરવામાં આવે તેવી સંભાવના છે. જાણવા મળ્યા મુજબ પાર્ટ ટુમાં ફીમેલ લીડનું કેરેક્ટર પણ બહુ મહત્વનું છે અને સોહમ તે માટે કોઈ ટોચની હિરોઈનને સાઈન કરવા માગે છે. તેણે આ ત્રણ હિરોઈનોમાંથી કોઈ એકની પસંદગી કરવાનું વિચાર્યુ છે. જોકે સમગ્ર વાતચીત હજુ પ્રાથમિક તબક્કે છે. પાર્ટ વન કરતાં અનેક ગણા બજેટમાં બની રહેલી 'તુમ્બાડ ટુ' ડિસેમ્બર ૨૦૨૭માં રીલિઝ કરવાની જાહેરાત થઈ ચૂકી છે. ૨૦૧૮માં રજૂ થયેલી મૂળ ફિલ્મનું દિગ્દર્શન અનિલ રાહી બર્વેએ કર્યુ હતું જ્યારે પાર્ટ ટુનું દિગ્દર્શન આદેશ પ્રસાદ કરવાના છે.

### હિમંતા શર્માની પત્નીની ફરિયાદ મામલે આગોતરા જામીન મંજૂર

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી

**કોર્ટે આસામ પોલીસની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન (હિરાસતમાં પૂછપરછ) કરવાની માંગને પણ ફગાવી દીધી છે**

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી છે. આસામ પોલીસ દ્વારા નોંધાયેલા છેતરપિંડી અને માનહાનિના કેસમાં સર્વોચ્ચ અદાલતે તેમને આગોતરા જામીન (Anticipatory Bail) મંજૂર કર્યા છે. જસ્ટિસ જે.કે. માહેશ્વરી અને જસ્ટિસ એ.એસ. ચંદુરકરની પીઠે ગુવાહાટી હાઈકોર્ટના અગાઉના આદેશને રદ કરતા આ નિર્ણય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, આ કેસની પરિસ્થિતિઓ 'રાજકીય પ્રતિસ્પર્ધા' તરફ ઈશારો કરે છે, તેથી પવન ખેડાની વ્યક્તિગત સ્વતંત્રતાની રક્ષા થવી જોઈએ. કોર્ટે આસામ પોલીસની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન (હિરાસતમાં પૂછપરછ) કરવાની માંગને પણ ફગાવી દીધી છે.પવન ખેડાએ એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે આસામના મુખ્યમંત્રી હિમંત વિશ્વ શર્માની પત્ની રિનિકી ભુઈયા પાસે અનેક વિદેશી પાસપોર્ટ છે અને વિદેશમાં અઘોષિત સંપત્તિ છે.પોલીસ કાર્યવાહી: આ નિવેદન બાદ તેમની સામે માનહાનિ, છેતરપિંડી અને ગુનાહિત કાવતરાનો કેસ નોંધાયો હતો. આસામ સરકારનો આરોપ છે કે ખેડાએ પાસપોર્ટની નકલી અને છેડછાડ કરેલી નકલો રજૂ કરી હતી.

ઘટનાક્રમની ટાઈમલાઈન : ૭ એપ્રિલ: આસામ પોલીસની ટીમ દિલ્હી સ્થિત ખેડાના નિવાસે પહોંચી, પણ તેઓ મળ્યા નહીં.

૧૦ એપ્રિલ: તેલંગાણા હાઈકોર્ટે ખેડાને એક સપ્તાહ માટે ટ્રાન્ઝિટ આગોતરા જામીન આપ્યા.

૧૫ એપ્રિલ: સુપ્રીમ કોર્ટે તેલંગાણા હાઈકોર્ટના આદેશ પર રોક લગાવી.

૨૪ એપ્રિલ: ગુવાહાટી હાઈકોર્ટે ખેડાની આગોતરા જામીન અરજી ફગાવી અને કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનને જરૂરી ગણાવી.

૧ મે: સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય પલટી નાખ્યો અને પવન ખેડાને આગોતરા જામીન મંજૂર કર્યા.

કોર્ટમાં પક્ષકારોની દલીલો: અભિષેક મનુ સિંઘવી (ખેડાના વકીલ): તેમણે આ કેસને 'રાજકીય વેર' ગણાવતા કહ્યું કે મુખ્યમંત્રી ખેડાને જેલમાં મોકલવાની ધમકી આપી રહ્યા છે. તેમણે દલીલ કરી કે પવન ખેડા કોઈ આતંકવાદી નથી કે તેમની ધરપકડ માટે ૫૦-૬૦ પોલીસ કર્મચારીઓ આવે.

તુષાર મહેતા (આસામ સરકારના વકીલ): તેમણે દલીલ કરી હતી કે ખેડાએ મુખ્યમંત્રીની પત્નીના નકલી દસ્તાવેજો બનાવ્યા છે. આ પાછળ કયા વિદેશી તત્વોનો હાથ છે તે જાણવા માટે હિરાસતમાં પૂછપરછ જરૂરી છે.

જામીન માટેની શરતો

સુપ્રીમ કોર્ટે પવન ખેડાને જામીન આપવાની સાથે કેટલીક શરતો પણ મૂકી છે:

તપાસમાં સહયોગ: પવન ખેડાએ તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવો પડશે અને જ્યારે પણ પોલીસ બોલાવે ત્યારે હાજર થવું પડશે.

પુરાવા સાથે છેડછાડ નહીં: તપાસ કે સુનાવણી દરમિયાન તેઓ કોઈ પુરાવા સાથે છેડછાડ કરી શકશે નહીં કે સાક્ષીઓને પ્રભાવિત કરી શકશે નહીં.

વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ: કોર્ટની પરવાનગી વગર તેઓ ભારત છોડી શકશે નહીં.

વધારાની શરતો: જો ટ્રાયલ કોર્ટને યોગ્ય લાગે, તો તે પોતાની રીતે અન્ય વધારાની શરતો પણ લાદી શકે છે.


## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૦/૨૦૨૬

**અરજદારશ્રી :** શ્રી જયંતિભાઈ આંબાભાઈ ગુજરવાડીયા, રહે. દેવગામ, તા. વડિયા, જિ. અમરેલી મો.૯૬૮૭૧ ૩૧૨૫૩

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી દેવગામ, તા. વડીયા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જયંતિભાઈ આંબાભાઈ ગુજરવાડીયાએ તેમના **બહેન હંસાબેન આંબાભાઈ ગુજરવાડીયાનો જન્મ તા. ૧૦/૦૪/૧૯૮૮ના રોજ મુ. દેવગામ, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૫/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૦ |
| ૩ | ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| ૪ | સફેદ ચણા | ૯૬૫ | ૧૧૨૫ |
| ૫ | ધાણા | ૨૨૩૦ | ૨૩૯૦ |
| ૬ | એરંડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૭ | તુવેર | ૧૦૧૫ | ૧૩૭૫ |
| ૮ | ફાડા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૯ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |

### EVM મુદ્દે બબાલ બાદ TMCનો હુંકાર

# ‘ચૂંટણી પંચ અને ભાજપ જાણતા નથી કે કોનાથી ટક્કર લઈ રહ્યા છે’

## ટીએમસી નેતાઓ અને કાર્યકર્તાઓએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સ્ટેડિયમ સ્થિત કાઉન્ટિંગ સેન્ટરની બહાર ધરણા શરૂ કરી દેતા હોબાળો

કોલકત્તા, તા.૧

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી સંપન્ન થયા બાદ રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. એક્ઝિટ પોલના પરિણામો જાહેર થયા પછી રાજ્યમાં ઠેર-ઠેર હિંસા અને ઘર્ષણના બનાવો સામે આવી રહ્યા છે. ખાસ કરીને ભાજપના એક પોલિંગ એજન્ટના ઘર પર હુમલા અને મારપીટના આરોપો બાદ હવે તૃણમૂલ કોંગ્રેસ(TMC)એ EVM સાથે છેડછાડનો ગંભીર આરોપ લગાવી મોરચો ખોલ્યો છે. TMC નેતાઓ અને કાર્યકર્તાઓએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સ્ટેડિયમ સ્થિત કાઉન્ટિંગ સેન્ટરની બહાર ધરણા શરૂ કરી દીધા છે, જેના કારણે સ્થિતિ તણાવપૂર્ણ બની છે.TMCનો આરોપ છે કે મધરાતે સ્ટ્રોન્ગ રૂમની સીલ તોડવામાં આવી હતી અને EVM સાથે છેડછાડનો પ્રયાસ થયો હતો. આ વિવાદ વધતા મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પણ મેદાનમાં ઉતર્યા હતા. તેઓ અડધી રાત્રે ભવાનીપુર અને શેખાવત મેમોરિયલ સ્કૂલ ખાતેના કાઉન્ટિંગ સેન્ટર પર પહોંચી ગયા હતા અને લગભગ 4 કલાક સુધી જાતે જ EVMની રખવાળી કરી હતી. બીજી તરફ, ભાજપના કાર્યકર્તાઓએ મમતા બેનર્જીની કાઉન્ટિંગ સેન્ટરમાં હાજરી સામે સવાલ ઉઠાવતા તેને ગેરબંધારણીય ગણાવી હતી, જેના કારણે બંને પક્ષોના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કાઉન્ટિંગ સેન્ટરની બહાર મોટી સંખ્યામાં સુરક્ષબળો તહેનાત કરી દેવામાં આવ્યા છે.સોશિયલ મીડિયા પર આક્રમક વલણ અપનાવતા TMCએ જણાવ્યું કે, ‘ભાજપ અને સમજૂતી કરી ચૂકેલા ચૂંટણી પંચને ખબર નથી કે તેઓ કોની સામે ટક્કર લઈ રહ્યા છે.’ પાર્ટીએ આરોપ લગાવ્યો કે બહારના રાજ્યોના લોકોને લાવીને માહોલ બગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. TMC નેતા શશી પાંજા અને કુણાલ ઘોષે ધરણા પર બેસીને આક્ષેપ કર્યો કે CCTV ફૂટેજમાં ભાજપના લોકો ચૂંટણી પંચની મિલીભગતથી બેલેટ બોક્સ ખોલતા દેખાઈ રહ્યા છે, જે લોકશાહીની હત્યા સમાન છે. મમતા બેનર્જીએ પણ દાવો કર્યો કે તેમને શરૂઆતમાં કેન્દ્રીય દળોએ અંદર જતા રોક્યા હતા, જ્યારે નિયમ મુજબ ઉમેદવાર કે એજન્ટ સીલ્ડ રૂમની બહાર સુધી જઈ શકે છે.ચૂંટણી પંચે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ઉત્તર કોલકાતાના જિલ્લા ચૂંટણી અધિકારી સ્મિતા પાંડેએ સ્પષ્ટતા કરી કે સ્ટ્રોન્ગ રૂમમાં કોઈ ગેરરીતિ થઈ નથી. મધરાતે જે પ્રક્રિયા ચાલી રહી હતી તે પોસ્ટલ બેલેટને અલગ કરવાની એક કાયદેસરની પ્રક્રિયા હતી, જેના વિશે તમામ રાજકીય પક્ષોને અગાઉથી જાણ કરવામાં આવી હતી. ચૂંટણી પંચે જણાવ્યું કે EVM માટેનો સ્ટ્રોન્ગ રૂમ અલગ છે અને તે સંપૂર્ણપણે સુરક્ષિત તથા સીલ કરેલો છે. હાલમાં સમગ્ર બંગાળમાં ભારે અફરાતફરી અને તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

### EOI પ્રોફાઇલ માટે ૧૨ મહિનાની સમય મર્યાદા

# કેનેડાના PR નિયમોમાં મોટા ફેરફારથી ભારતીયો પર મોટી અસર

## હવે EOI પ્રોફાઇલ માત્ર ૧૨ મહિના માન્ય, જૂની અરજી ઓટોમેટિક બંધ થશે

નોવા સ્કોટિયા,તા.૧

કેનેડાના નોવા સ્કોટિયા પ્રાંતે પોતાના ઈમિગ્રેશન સિસ્ટમમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરતા PR પ્રક્રિયા સાથે જોડાયેલા ઉમેદવારો માટે નવા નિયમો લાગુ કર્યા છે. એનાથી ભારતીયો પર મોટી અસર જોવા મળશે. નોવા સ્કોટિયા નોમિની પ્રોગ્રામ (NSNP) હેઠળ હવે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) પ્રોફાઈલ અનિશ્ચિત સમય સુધી માન્ય નહીં રહે, પરંતુ તેની માટે નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. એટલે કે હવે PR મળવાના ચાન્સ પહેલાં કરતાં ઓછા થઈ ગયા છે.નોવા સ્કોટિયા પ્રાંત દ્વારા ૨૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલા અપડેટ મુજબ, ૧ મે ૨૦૨૬થી દાખલ કરવામાં આવતી તમામ નવી EOI પ્રોફાઈલ માત્ર ૧૨ મહિના સુધી જ માન્ય રહેશે. તેનો અર્થ એ છે કે જો કોઈ ઉમેદવારને એક વર્ષની અંદર પસંદ કરવામાં નહીં આવે, તો તેની પ્રોફાઈલ આપમેળે સમાપ્ત થઈ જશે અને તેને ફરીથી નવી EOI દાખલ કરવી પડશે. અગાઉ ઉમેદવારોની પ્રોફાઈલ સમય મર્યાદા વગર પૂલમાં રહી શકતી હતી, જેના કારણે ઘણા જૂની ફાઈલને પણ ચાન્સ મળતો હતો.જાણવા જેવી વાત એ છે કે PR માટે પહેલા ઉમેદવારની EOI પ્રોફાઈલ બનાવવામાં આવે છે. ત્યારબાદ સ્કોર, શિક્ષણ સહિતના તમામ માપદંડ પૂર્ણ થયા પછી સરકાર તરફથી PR માટે આમંત્રણ મળે છે. ત્યાર પછી ઉમેદવાર આમંત્રણ સ્વીકારીને તમામ જરૂરી દસ્તાવેજો મોકલે છે.નવા નિયમો સાથે સરકારે પહેલાથી હાજર પ્રોફાઈલ માટે પણ નવી વ્યવસ્થા નક્કી કરી છે. જેમણે ૧ મે ૨૦૨૪ પહેલાં પોતાની EOI દાખલ કરી હતી, તેમની તમામ પ્રોફાઈલ ૧ મે ૨૦૨૬ના રોજ બંધ કરી દેવામાં આવશે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું છે કે પ્રોફાઈલ બંધ થવું એ અરજી નકારી કાઢવામાં આવી હોવાના સમાન નથી. જો આવા ઉમેદવારો પસંદગી પ્રક્રિયામાં રહેવા માંગતા હોય, તો તેમને નવી લાયકાત મુજબ ફરીથી EOI દાખલ કરવી પડશે.જેઓએ ૧ મે ૨૦૨૪થી ૩૦એપ્રિલ ૨૦૨૬ વચ્ચે EOI દાખલ કરી છે, તેમને થોડી રાહત આપવામાં આવી છે. આવી પ્રોફાઈલ ૩૦ એપ્રિલ ૨૦૨૭ સુધી માન્ય રહેશે. આ સમયગાળા દરમિયાન જો તેઓ પસંદ થાય છે તો તેઓ આગળની પ્રક્રિયામાં જોડાઈ શકે છે, પરંતુ જો સમયસર પસંદગી નહીં થાય તો તેમને નવી પ્રોફાઈલ બનાવવી પડશે.સરકારનું કહેવું છે કે આ ફેરફાર માત્ર ટેક્નિકલ નથી, પરંતુ ઈમિગ્રેશન સિસ્ટમને વધુ અસરકારક અને આધુનિક બનાવવા તરફ એક મોટું પગલું છે. નોવા સ્કોટિયા હવે એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપશે જેમની માહિતી અપડેટેડ હોય અને જે વર્તમાન માર્કેટની જરૂરિયાતોને અનુરૂપ હોય. લાંબા સમયથી નિષ્ક્રિય રહેલી પ્રોફાઈલ્સ પસંદગી પ્રક્રિયાને ધીમી બનાવતી હતી અને યોગ્ય ઉમેદવારો સુધી પહોંચવામાં પણ અડચણરૂપ બનતી હતી.એક્સપર્ટ્સનું માનવું છે કે આ નિર્ણય કેનેડાના અન્ય પ્રાંતોની નીતિઓ સાથે સુસંગત છે, જ્યાં પહેલાથી જ EOIની માન્યતા ૬ થી ૧૨ મહિના વચ્ચે નક્કી કરવામાં આવી છે. નોવા સ્કોટિયાનું આ પગલું એક વ્યાપક પ્રવૃત્તિનો ભાગ માનવામાં આવે છે, જેમાં ઈમિગ્રેશન સિસ્ટમને વધુ પારદર્શક, ઝડપી અને જરૂરિયાતોને અનુરૂપ બનાવવામાં ભાર મુકવામાં આવ્યો છે.આ અપડેટ ત્યારે આવ્યું છે જ્યારે નોવા સ્કોટિયાએ તાજેતરમાં પોતાના ઈમિગ્રેશન સિસ્ટમમાં પણ ફેરફાર કર્યા છે. તેમણે પોતાની ૧૦ અલગ અલગ કેટેગરીને ઘટાડીને માત્ર ચાર મુખ્ય કેટેગરીમાં સમાવી દીધી છે, જેથી પ્રક્રિયા સરળ અને ઝડપી બની શકે. આવા સંજોગોમાં EOI માટે સમય મર્યાદા નક્કી કરવું એ આગળનું મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.કેનેડામાં PR મેળવવા ઈચ્છુક ઉમેદવારો માટે જરૂરી છે કે તેઓ પોતાની પ્રોફાઈલને સમયાંતરે અપડેટ કરતા રહે અને સક્રિય રહે, કારણ કે લાંબા સમય સુધી રાહ જોવાની જૂની પદ્ધતિ હવે ધીમે ધીમે સમાપ્ત થઈ રહી છે. આથી તેમણે સતત માહિતગાર રહેવું પડશે.આ પહેલાં કેનેડાના ઓન્ટારિયો સરકારે અચાનક પોતાનો Skilled Trades Stream બંધ કરી દીધો હતો. સાથે જ આ પ્રોગ્રામ હેઠળ દાખલ કરાયેલ તમામ અરજીઓ પાછી મોકલી દેવામાં આવી હતી. આ અરજીઓ છેલ્લા દોઢથી બે વર્ષથી પેન્ડિંગ હતી. જોકે સરકારનું કહેવું હતું કે ઠગાઈના કેસો સામે આવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું, જેના કારણે મોટા પાયે વિરોધ પ્રદર્શન પણ થયા હતા.

### ૧૧ મેથી પ્રથમ હપ્તો શરૂ થવાની આશા

# અમેરિકાથી આવશે અબજો ડોલર! ૧૧ મેથી ટેરિફ રિફંડ

## રિફંડની CAPE સિસ્ટમ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૨૧ ટકા ઉત્પાદનોને એપ્રૂવલ આપ્યા બાદ ટેરિફ પરત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે

નવી દિલ્હી,તા.૧

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક દેશો પર ટેરિફ ઝિંકીને અઢળક નાણાં મેળવી લીધા હતા, જોકે અમેરિકન સુપ્રીમ કોર્ટે ટેરિફને ગેરકાયદેસર જાહેર કરીને ટેરિફ પરત આપી દેવાનો આદેશ કર્યા બાદ હવે રિફંડ કરવાની પ્રક્રિયા આગળ વધી છે. આ પ્રક્રિયા મુજબ હવે ટુંક સમયમાં ભારત સહિતના દેશોના આયાતકારોને રિફંડ મળી જશે.રિપોર્ટ મુજબ, અમેરિકન આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતમાં ટેરિફ રિફંડ મામલે અરજી દાખલ કરાઈ હતી, જેમાં કોર્ટના આદેશ મુજબ, પ્રથમ હપ્તાની ચુકવણી લગભગ ૧૧ મેથી શરૂ થવાની આશા છે. રિફંડ પ્રક્રિયાની દેખરેખ રાખી રહેલા જસ્ટિસ રિચર્ડ ઈટને કહ્યું કે, આયાતકારોએ ટેરિફના નાણાં પરત મેળવવાની અરજીઓ કર્યા બાદ, રિફંડની CAPE સિસ્ટમ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૨૧ ટકા ઉત્પાદનોને એપ્રૂવલ આપ્યા બાદ ટેરિફ પરત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. તેમાંથી ત્રણ ટકા ઉત્પાદનોમાં સેટલમેન્ટ પણ થઈ ગયું છે અને હવે નાણાં પરત આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. રિચર્ડ ઈટને એવું પણ કહ્યું કે, ૨૬ એપ્રિલ સુધીમાં લગભગ ૧૭ લાખ પ્રોડક્ટનું એપ્રૂવલ બાદ સેટલમેન્ટ થઈ ગયું છે અને હવે તેની રિપેમેન્ટ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સત્તાવાર દસ્તાવેજ મુજબ, ૩.૩૦ લાખ આયાતકારોએ રિફંડ મેળવવા માટે અરજી કરી છે અને તેમાં લગભગ ૫.૩ કરોડ વસ્તુઓ સામેલ છે. આનું રિફંડ લગભગ ૧૬૬ બિલિયન ડૉલર હોઈ શકે છે. એટલે કે અમેરિકા હવે લાખો વેપારીઓને કરોડો ડૉલર પાછા આપશે.ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં આદેશ બાદ અમેરિકન તંત્રએ ટેરિફ રિફંડ પ્રક્રિયા ૨૦ એપ્રિલથી શરૂ કરી દીધી છે. અંદાજ મુજબ ટેરિફ પેટે લેવાયેલા ૧૬૬ અબજ ડૉલર પરત કરવામાં આવશે. કોર્ટના આદેશ બાદ ટ્રમ્પના આદેશ બાદ ‘ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ’ હેઠળ ટેરિફની ચૂકવણી કરનારા આયાતકારોએ રિફંડ માટે ક્લેપ શરૂ કરી દીધા છે. અંદાજે ૩.૩૦ લાખ અમેરિકન કંપનીઓએ ૫.૩ કરોડથી વધુ શિપમેન્ટ પર આ ટેક્સ ભર્યો હતો.


રિફંડ પ્રક્રિયા ઓટોમેટિક કરાઈ નથી. રિફંડ મેળવવા માટે કંપનીઓએ અરજી કરવી પડશે. આશા છે કે, મંજૂરી મળ્યા બાદ લગભગ ૬૦થી ૯૦ દિવસની અંદર (મેથી જુલાઈ-૨૦૨૬ વચ્ચે) રિફંડ મળવાનું શરૂ થઈ જશે. ખાસ વાત એ છે કે, અમેરિકન નાગરિકો કે ગ્રાહકોને સીધું રિફંડ નહીં મળે. આ નાણાં માત્ર તે આયાતકાર અને કંપનીઓને પરત કરાશે, જેમણે સરકારને ટેક્સ આપ્યો હતો. ભલે રિફંડ પ્રક્રિયા હેઠળ કંપનીઓને અબજો ડૉલર પરત મળવાના હોય, પરંતુ નિષ્ણાતોના મત મુજબ, સામાન્ય ગ્રાહકોને તેનો તાત્કાલીક કોઈ લાભ મળવાની સંભાવના નથી.જો ભારતની વાત કરીએ તો અંદાજ મુજબ, ભારતીય નિકાસકારોને રિફંડ પેટે ૧૦થી ૧૨ અબજ ડૉલર સુધીનો ફાયદો થઈ શકે છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (GTRI)ના રિપોર્ટ મુજબ, અમેરિકન કોર્ટે ટેરિફ રદ કરવાનો આદેશ આપ્યા બાદ અમેરિકા દ્વારા ૧૬૬ અબજ ડૉલરનો ટેરિફ પરત ચૂકવવાનો રસ્તો ખુલી ગયો છે. જોકે રિફંડ સીધું ભારતીય નિકાસકારોના બેંક ખાતામાં નહીં આવે.નિયમો મુજબ, માત્ર અમેરિકન આયાતકારો જ રિફંડ ક્લેમ કરી શકે છે. ભારતીય નિકાસકારોએ જે અમેરિકન કંપનીઓ સાથે વેપાર કર્યો છે, તેમની સાથે રિફંડ માટે વાતચીત કરવી પડશે. જ્યારે આયાતકાર અને નિકાસકાર વચ્ચે રિબેટ શેયરિંગ (રિફંડની પરસ્પર વહેંચણી) માટે સંમત થશે, ત્યારપછી ભારતીય નિકાસકારના એકાઉન્ટમાં પૈસા આવી શકશે.

### ભારતની તિજોરી છલકાઇ

# એપ્રિલમાં GST કલેક્શન ૨.૪૩ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે

નવી દિલ્હી,તા.૧

જ્યારે આખું વિશ્વ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના તણાવને કારણે આર્થિક મંદીની આશંકા સેવી રહ્યું છે, ત્યારે ભારતે આર્થિક મોરચે શાનદાર પ્રદર્શન કર્યું છે. શુક્રવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, એપ્રિલ ૨૦૨૬માં ભારતનું કુલ જીએસટી (GST) કલેક્શન ૨.૪૩ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. આ આંકડો ભારતીય અર્થતંત્રની મજબૂત ગતિ અને વ્યવસાયિક સ્થિરતાનો પુરાવો આપે છે.ગયા વર્ષે એટલે કે એપ્રિલ ૨૦૨૫માં GST કલેક્શન ૨.૨૩ લાખ કરોડ નોંધાયું હતું. તેની સરખામણીમાં આ વર્ષે ૮.૭%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રીફંડની ચૂકવણી બાદ જો ચોખ્ખી GST આવકની વાત કરીએ તો તે ૨.૧૧ લાખ કરોડ રહી છે, જે ગયા વર્ષ કરતા ૭.૩% વધુ છે. નોંધનીય છે કે એપ્રિલ મહિનામાં જે કલેક્શન થાય છે તે વાસ્તવમાં માર્ચ મહિનાની આર્થિક પ્રવૃત્તિઓ દર્શાવે છે.ડેટાના વિશ્લેષણ મુજબ, આ વર્ષે કુલ વૃદ્ધિમાં વિદેશી વેપારનો ફાળો ઘણો મોટો રહ્યો છે. આયાત પરના GSTમાંથી થતી આવકમાં ૨૫.૮%નો મોટો ઉછાળો આવ્યો છે, જે વધીને ૫૭,૫૮૦ કરોડ થઈ છે. જ્યારે સ્થાનિક વ્યવહારોમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૪.૩% વધીને ૧.૮૫ લાખ કરોડ નોંધાઈ છે. આ આંકડા સૂચવે છે કે સ્થાનિક માંગની સાથે સાથે ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર પણ વેગ પકડી રહ્યો છે.આ રેકોર્ડબ્રેક કલેક્શન એવા સમયે આવ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ’ભડકો’ થયો છે. ૩૦ એપ્રિલ સુધીમાં બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ $૧૨૬ ને પાર કરી ગયું હતું. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકેબંધી અને સપ્લાય ચેઈનમાં અવરોધ છતાં ભારતની આર્થિક પ્રગતિ વણથંભી રહી છે.સરકાર દ્વારા રીફંડની પ્રક્રિયામાં પણ તેજી જોવા મળી છે. કુલ રીફંડ ૧૯.૩% વધીને ૩૧,૭૯૩ કરોડ ચૂકવવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે, નવા નાણાકીય વર્ષની આ શરૂઆત અત્યંત આશાસ્પદ છે અને તે આગામી સમયમાં ભારતની GDP વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ રેકોર્ડ કલેક્શનથી સરકારને વિકાસલક્ષી યોજનાઓ માટે વધુ નાણાકીય બળ મળશે.

જોઈએ છે

એજ્યુકેશન કન્સલ્ટન્ટ

અમરેલી જિલ્લાનાં તમામ તાલુકા મથકો દિઠ મીનીમમ આઠ થી દસ એજ્યુકેશન કન્સલ્ટન્ટની આવશ્યકતા છે.

શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા હોય અથવા અનુભવી હોય તેવા વ્યકિતઓ આવકાર્ય છે.
ગ્રેજ્યુએટ/બી.એડ.થયેલ, ફ્રેશર પણ આવકાર્ય છે.

સંપર્ક
95102 32528 (મનોજ)
78619 0778 (હર્ષા)

આદર્શ એકેડમી, લાઠી રોડ, અમરેલી


### નેપાળમાં બાલેન શાહનો માસ્ટરસ્ટ્રોક

# PM, CM, મંત્રી, નેતા કે અધિકારી...તમામની સંપત્તિ તપાસાશે

## બે અઠવાડિયા અગાઉ રચાયેલા આ સમિતિનો કાર્યદિશ ગુરુવારે રાત્રે રાજપત્ર પર નોટિફાઈ કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી,તા.૧

નેપાળની બાલેન શાહ સરકારે ભ્રષ્ટાચારીઓ સામે અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કરતા ’સંપત્તિ તપાસ પંચ’ની રચના કરી છે. આ પંચ દ્વારા વર્તમાન અને પૂર્વ વડાપ્રધાન, મંત્રીઓ, સાંસદો અને ઉચ્ચ સરકારી અધિકારીઓની સંપત્તિની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ રાજેન્દ્ર કુમાર ભંડારીના અધ્યક્ષપદ હેઠળ પાંચ સભ્યોના પંચની રચના કરવામાં આવી છે. પંચે શુક્રવારથી વિધિવત કામગીરી શરૂ કરી દીધી છે. આ પંચનો કાર્યકાળ એક વર્ષનો રહેશે અને તે તબક્કાવાર રીતે પોતાનો રિપોર્ટ સોંપશે. નેપાળ સરકાર તરફથી રચાયેલી સમિતિએ શુક્રવારથી કામ કરવાની શરૂઆત કરી દીધી છે. બે અઠવાડિયા અગાઉ રચાયેલા આ સમિતિનો કાર્યાદેશ ગુરુવારે રાત્રે રાજપત્ર પર નોટિફાઈ કરવામાં આવ્યો હતો.

સરકારી આદેશ અનુસાર, જાહેર પદ પર રહેલા અથવા નિવૃત્ત અધિકારીઓ અને તેમના પરિવારના નામે દેશ-વિદેશમાં રહેલી સંપત્તિની તપાસ થશે.

રાજકીય નેતાઓઃ પૂર્વ પીએમ કેપી શર્મા ઓલી, શેર બહાદુર દેઉબા, પુષ્પકમલ દહાલ ’પ્રચંડ’, બાબુરામ ભટ્ટરાઈ અને ઝલનાથ ખનાલ સહિત તમામ પૂર્વ વડાપ્રધાનો, મંત્રીઓ અને સાંસદો.

અધિકારીઓઃ મુખ્ય સચિવથી લઈ સહ-સચિવ સુધીના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ, ઈન્ટેલિજન્સ બ્યુરો અને વિદેશી દૂતાવાસોના વડાઓ.

સંસ્થાઓઃ નેપાળ રાષ્ટ્ર બેંકના ગવર્નર, સરકારી બેંકો, યુનિવર્સિટીઓ અને જાહેર સંસ્થાઓના ઉચ્ચ હોદ્દેદારો.પ્રદેશ સ્તરઃ રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રીઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વડાઓ.

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાને આ યાદીમાંથી બહાર રખાયા છે, પરંતુ તેમના સચિવાલયના અધિકારીઓની તપાસ થશે. સેનાના હાલના અધિકારીઓને બહાર રખાયા છે, પણ નિવૃત્ત સૈન્ય અધિકારીઓની તપાસ થશે. વર્તમાન ન્યાયાધીશોને બાકાત રાખી તમામ નિવૃત્ત જજોની સંપત્તિની તપાસ કરવામાં આવશે.

૧. પ્રથમ તબક્કોઃ વર્ષ ૨૦૦૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પદ પર રહેલા વર્તમાન પીએમ, મંત્રીઓ અને સાંસદોની તપાસ થશે.

૨. બીજો તબક્કોઃ ત્યારબાદ ૨૦૦૬ પછીની સરકારોના પૂર્વ વડાપ્રધાનો અને હોદ્દેદારોની તપાસ થશે.

૩. ત્રીજો તબક્કોઃ અંતે ૧૯૮૮ થી ૨૦૦૮ સુધી જાહેર પદ પર રહેલી વ્યક્તિઓની તપાસ કરાશે.

આ પંચની પારદર્શિતા જાળવવા માટે પંચના હોદ્દેદારો અને કર્મચારીઓએ પણ તેમની નિમણૂકના ૭ દિવસમાં સંપત્તિની વિગતો વડાપ્રધાન કાર્યાલયમાં જમા કરાવવી પડશે, જે જાહેર કરવામાં આવશે. પંચ કોઈ પણ સામાન્ય નાગરિક પાસેથી લેખિત, મૌખિક કે સોશિયલ મીડિયા દ્વારા ફરિયાદો સ્વીકારી શકશે.

વિગતોનું એકત્રીકરણઃ તપાસ દરમિયાન આયોગ સૌથી પહેલા સંપત્તિની તમામ વિગતો એકઠી કરશે.

સ્રોતનું વિશ્લેષણઃ ત્યારબાદ તે સંપત્તિની કાયદેસરતા, તેના આવકના સ્રોત અને તેમાં થયેલા વધારાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવશે.

અસામાન્ય વધારોઃ જો સંપત્તિમાં અસામાન્ય રીતે મોટો વધારો જોવા મળશે, તો તેની વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવશે.

શંકાસ્પદ વ્યક્તિઓઃ ખાસ કરીને એવા વ્યક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જેમના પર ભૂતકાળમાં ભ્રષ્ટાચાર, વચેટિયાગીરી, શિસ્તભંગની કાર્યવાહી કે અન્ય ફરિયાદો થયેલી હોય.

ઉચ્ચ અગ્રતા ધરાવતા વિભાગોઃ ટેક્સ, જમીન અને ટ્રાફિક જેવા વિભાગો, જે સીધા જ જનતા સાથે સંકળાયેલા છે, તેમને તપાસમાં ઉચ્ચ અગ્રતા આપવામાં આવી છે.

કાયદેસરની કાર્યવાહીઃ જો તપાસમાં ગેરકાયદેસર સંપત્તિની પુષ્ટિ થશે, તો સંબંધિત સંસ્થાને કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભલામણ કરવામાં આવશે.

તબક્કાવાર રિપોર્ટઃ આયોગ આ વખતે તબક્કાવાર રિપોર્ટ રજૂ કરશે. કોઈપણ એક વ્યક્તિની તપાસ પૂર્ણ થતાની સાથે જ સરકારને તેની ભલામણ મોકલી દેવામાં આવશે.

સમયમર્યાદાઃ સરકારને આ ભલામણ મળ્યાના ૪૫ દિવસની અંદર કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

ફરિયાદના માધ્યમોઃ આયોગ લેખિત, મૌખિક, ડિજિટલ અને સોશિયલ મીડિયાના માધ્યમથી ફરિયાદો સ્વીકારશે.

ગુપ્તતાઃ શરૂઆતમાં આયોગ ૩૦ દિવસની સમયમર્યાદા સાથે ફરિયાદો મંગાવશે, જેમાં ફરિયાદ કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સહયોગઃ વિદેશમાં છુપાવેલી સંપત્તિની તપાસ માટે આયોગ રાજદ્વારી મિશન, ઈન્ટરપોલ અને અન્ય એજન્સીઓની પણ મદદ લઈ શકશે.

### ઈરાન પર ફરી મોટા હુમલાની તૈયારી?

# અમેરિકાએ ૨૪ કલાકમાં ઈઝરાયલ મોકલ્યા ૬૫૦૦ ટન વિસ્ફોટક

## અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર બ્રેડ કૂપર અને જોઇન્ટ ચીફના ચેરમેને ટ્રમ્પ સાથે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી છે

નવી દિલ્હી,તા.૧

અમેરિકા-ઈરાન વચ્ચે ફરી મહાયુદ્ધ થવાના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર હુમલા કરવાની તૈયારીમાં હોવાની વિગતો સામે આવી છે. રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર બ્રેડ કૂપર અને જોઈન્ટ ચીફના ચેરમેને ટ્રમ્પ સાથે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી છે, જેમાં ઈરાન પર હુમલા માટે ત્રણ યોજના તૈયાર હોવાની ટ્રમ્પને માહિતી આપી છે, તેવો એક્સિઓસે દાવો કર્યો છે.

અમેરિકન સૈન્યના ટોચના અધિકારીઓ અને ટ્રમ્પ વચ્ચેની બેઠક બાદ ઈરાન પર ભયાનક હુમલાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એટલું જ નહીં, ‘ધ ઈઝરાયલ ટાઈમ્સ’ અને ‘ધ જેરુસલેમ પોસ્ટે’ના રિપોર્ટના દાવા મુજબ અમેરિકાએ માત્ર ૨૪ કલાકમાં ઈઝરાયેલને આશરે ૬,૫૦૦ ટન દારૂગોળો અને સૈન્ય સાધન-સામગ્રી મોકલી છે. આનાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ટ્રમ્પ ગંભીર યોજના બનાવીને ઈરાન સાથેનો વિવાદ ખતમ કરવા મથી રહ્યા છે. જ્યારથી યુદ્ધ શરૂ થયું, ત્યારથી અમેરિકન સેન્ટ્રલ કમાન્ડને મધ્ય-પૂર્વમાં સૈન્ય અભિયાનો પુરા કરવાની કામગીરી સોંપાઈ છે અને તેઓએ જ ઈરાનના પોર્ટ પર નાકાબંધી કરીને રાખી છે.

દાવામાં ઈઝરાયલી સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહેવાયું છે કે, અમેરિકાના બે કાર્ગો શીપ અને અનેક વિમાનો ઈઝરાયલ પહોંચ્યા છે. તેમાં હવાઈ અને જમીની હુમલામાં ઉપયોગ થતો ૬૫૦૦ ટન દારુગોળો, સૈન્ય ટ્રક, જોઈન્ટ લાઈટ ટેક્ટિકલ વ્હીકલ્સ અને અન્ય સૈન્ય સાધનો સામેલ હતા. ઉલ્લેખનીય છે કે, યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકાએ ઈઝરાયલને લગભગ ૧,૧૫,૬૦૦ ટન સૈન્ય સામગ્રી મોકલી દીધી છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, ઈરાન વિરુદ્ધ ઓપરેશન રોરિંગ લાયન શરૂ કર્યા બાદ અમેરિકાએ ૪૦૩ વિમાનો દ્વારા અને ૧૦ દરિયાઈ જહાજો દ્વારા ૧,૧૫,૬૦૦ સૈન્ય સાધનો ઈઝરાયલને મોકલાવ્યા છે.

એક્સિઓસના રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઈરાન પર હુમલો કરવા માટે નવી યોજના બનાવી છે. સૂત્રો મુજબ, અમેરિકા ઈરાન પર નાનો પણ જોરદાર હુમલો કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવાની યોજના વિચારી રહ્યું છે. તેઓને આશા છે કે, આમ કરીને ઈરાન પર દબાણ વધશે અને તે વાતચીત કરવા માટે માની જશે. અમેરિકન સેનાને આશા છે કે, બોંબનો વરસાદ થશે તો ઈરાન પરમાણુ મુદ્દે અમારી શરતો પર વાતચીત કરવા ઢીલું પડી જશે.

### મે મહિનાનું તાપમાન ૫૫ વર્ષનો રેકોર્ડ તોડશે

# ૧૯૭૧ બાદ પહેલી વાર મન મૂકીને વરસશે વરસાદ, IMDનું એલાન

## ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં ૩-૪ દિવસ હજુ વધારે હીટવેવ રહેવાની સંભાવના છે

નવી દિલ્હી,તા.૧

આમ તો મે મહિનાનું નામ સાંભળતા મનમાં બાળી નાખે તેવી ગરમી, રસ્તા પર સન્નાટો અને આકાશમાંથી વરસતી આગની તસવીરો સામે આવે, પણ વર્ષ ૨૦૨૬ની આ ગરમી પોતાની પરંપરા તોડવાના મૂડમાં છે. ભારતીય હવામાન વિભાગના આંકડાએ એક એવી કહાની લખી દીધી છે, જે દાયકાઓના રેકોર્ડને પડકાર આપી રહી છે. જ્યાં ૧૯૭૧થી ૨૦૨૦ સુધી છેલ્લા ૫૫ વર્ષનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે મેમાં સરેરાશ ૬૧.૪ મિમી વરસાદ થાય છે. વળી આ વખતે વાદળોએ પોતાની ચાલ બદલી લીધી છે. આ વર્ષે આકાશમાંથી ખાલી સૂરજ આગ જ નહીં વરસાવે, પણ ગર્જના અને વીજળીના કડાકાથી સામાન્યથી ૧૧૦ ટકા વધારે વરસાદના અણસાર લઈને આવી રહ્યું છે.

આ ખાલી એક મૌસમી બદલાવ નથી, પણ પ્રકૃતિનું એ નાટકીય વળાંક છે, જ્યાં પશ્ચિમી વિક્ષોભ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બેંસ અને અરબ સાગરનો ભેજ મળીને તપતી ધરતીને મેની ઠંડકનો અહેસાસ કરાવવાની તૈયારીમાં છે. જ્યારે અલ નીનો જેવા દૈત્ય પ્રશાંત મહાસાગરમાં ધામા નાખી રહ્યા છે, ત્યારે ભારતીય આકાશમાં ગર્જતા આ વાદળ ભવિષ્યના ચોમાસાની એક રહસ્યમય પટકથા તૈયાર કરી રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગના તાજા પૂર્વાનુમાન અનુસાર, મેનો મહિનો દેશના મોટા ભાગમાં રાહત અને પડકારથી ભરેલો રહેશે. એક તરફ જ્યાં વેસ્ટર્ન ડિસ્ટર્બેંસના કારણે વરસાદની વધારે સંભાવના છે, ત્યાં બીજી તરફ અમુક રાજ્યોમાં સામાન્યથી વધારે હીટવેવનો સામનો કરવો પડી શકે છે. મે દરમ્યાન દેશના મોટા ભાગમાં દિવસનું તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની આશા છે. જો કે દક્ષિણ ભારત, પૂર્વોત્તર અને ઉત્તર પશ્ચિમ ભારતના અમુક ભાગમાં ગરમીની અસર બની રહેશે. રાતના તાપમાનની વાત કરીએ તો દેશના કેટલાય ભાગમાં આ સામાન્યથી વધારે રહી શકે છે.

મે મહિનાની અમુક વિશેષતાઓઃ ગરમી નબળી પડશે- વધારે ગર્જના-ચમક અને પશ્ચિમી વિક્ષોભની વધતી આવૃતિના કારણે મે મહિનો આશાથી વધારે ગરમ રહેવાની સંભાવના છે.

હીટવેવનો ખતરો- હિમાલયની તળેટી, પૂર્વી તટીય રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં ૩-૪ દિવસ હજુ વધારે હીટવેવ રહેવાની સંભાવના છે.

ચોમાસાનું આગમ- બંગાળની ખાડી ઉપર ૧૪થી ૨૦ મેની વચ્ચે દક્ષિણ-પશ્ચિમી હવાઓ તેજ થવાની આશા છે. અંડમાન સાગરમાં ચોમાસું સામાન્ય રીતે ૨૦ મેની આસપાસ પહોંચે છે.

અલ નીનોનો પ્રભાવ- પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ વિકસિત થઈ રહી છે. મેથી જૂલાઈની વચ્ચે તે સક્રિય થવાની ૬૦ ટકા સંભાવનાઓ છે, જે ચોમાસા માટે ચિંતાનો વિષય હોઈ શકે છે.પોઝિટિવ IOD- હિંદ મહાસાગરમાં વર્તમાનમાં ન્યૂટ્રલ છે, પણ ચોમાસાના અંત સુધી તે પોઝિટિવ થવાની આશા છે, જે ચોમાસાના વરસાદને વધારવામાં મદદ કરે છે.




### વગર મંજૂરીએ કાર્યક્રમનું આયોજન કરાતા

# ધારી : ગીર પૂર્વનાં જસાધાર રેન્જનાં પ્રતિબંધિત વિસ્તારમાં યોજાનારા કાર્યક્રમને લઈને આયોજકને નોટિસ

### જળક્રાંતિ ટ્રસ્ટે કાર્યક્રમ મોકુફ રાખવાનો કર્યો નિર્ણય

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં સૌથી વધુ એશિયાટિક સિંહ પરિવાર વસતાં હોય, ત્યારે ધારી ગીર પૂર્વના જસાધાર રેન્જના વનવિભાગના પ્રતિબંધિત વિસ્તારમાં યોજાનારા એક સાંસ્કૃતિક કાર્યક્રમને લઈને વનવિભાગે આયોજકને નોટિસ ફટકારતા જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા આયોજન મોકૂફ રાખવામાં આવ્યું છે.




અમરેલી જિલ્લામાં ગીર પૂર્વના ધારી વિસ્તાર હેઠળ આવતા જસાધાર રેન્જમાં ખજૂરી નેસ ખાતે આગામી ૩ મે ના રોજ જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

અનુસંધાન પાના ૬ ઉપર

### LPGમાં ભાવ વધારા મુદ્દે રાહુલ ગાંધીએ સરકારને ઘેરી


# પહેલી સ્ટ્રાઈક ગેસ પર, હવે પેટ્રોલ-ડીઝલનો વારો : કોંગ્રેસ

### આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે

નવી દિલ્હી, તા. ૧

દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થતાંની સાથે જ મોંઘવારીનો મોટો વિસ્ફોટ થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે.

આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. હવે આ મામલે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારીને લઈને કેન્દ્ર સરકાર પર આકરા હુમલા કર્યા છે.રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, તેમણે ચૂંટણી બાદ મોંઘવારી



વધવાની અગાઉથી ચેતવણી આપી હતી અને હવે તેવું જ થયું છે. તેમણે કહ્યું, આજે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા વધી ગયા છે. એક દિવસમાં આટલો બધો ભાવ વધારો કરાયો હોય તેવું પહેલીવાર બન્યું છે. તેમણે આ ભાવવધારાને 'ચૂંટણી બિલ' ગણાવ્યું છે.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વધુમાં લખ્યું છે કે, 'ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૩૮૦ રૂપિયાનો વધારો થયો છે. એટલે કે

અનુસંધાન પાના ૬ ઉપર

### અધિકારી બી.એસ. કળસરીયાએ ફરિયાદ નોંધાવી

# અમરેલીની આર.ટી.ઓ. કચેરીમાં સરકારી કામમાં વિક્ષેપ કરનાર સામે ફરિયાદ

### પીએસઆઈ એન.બી. ભટ્ટ દ્વારા તપાસ શરૂ

અમરેલી, તા. ૧

અમરેલીમાં રહેતાં નરેશભાઈ વાળા તથા નવાબહુસેન હુસેનમીયા સૈયદ (ગીર ન્યુઝ અમરેલીનાં રીપોર્ટર) નામનાં ઈસમોઓએ ગત તા. ૩૦ બપોરનાં આશરે અઢીથી પોણા ત્રણેક વાગ્યા આસપાસ અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અમરેલી આર.ટી.ઓ.કચેરીની અંદર વિડીયો ઉતારી કચેરી તથા ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને વિડીયોમાં બદનામ કરી તથા તેમની સાથેના કર્મચારીઓના કચેરીનાં સરકારી કામોમાં વિલંબ ઉભો કરી વિક્ષેપ પાડી તથા ફરજમાં રૂકાવટ ઉભી કરી આરોપીએ એટ્રોસીટીની ફરીયાદ કરવાની તથા વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી તથા વિડીયો વાયરલ કરી બન્ને આરોપીઓએ ગુનો કર્યાની અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, આર.ટી.ઓ. ભાવેશકુમાર સાદુળભાઈ કળસરીયા ફરિયાદ નોંધાવતા પોલીસ સબ ઈન્સ. એન.બી.ભટ્ટ દ્વારા બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જિલ્લાનાં માર્ગો ઉપર સતત અકસ્માતની ઘટના

# અમરેલી-કુંકાવાવ માર્ગ ઉપર કાર અને ડબલ સવારી બાઈક વચ્ચે અકસ્માત

### બાઈક સવાર યુવકને ઈજા થતાં સારવારમાં ખસેડાયો



વડિયા, તા. ૧

કુંકાવાવથી અમરેલી સ્ટેટ હાઈવે પર એક હિટ એન્ડ રન જેવી ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. અમરાપુર ગામ નજીક બાઈક અને

અનુસંધાન પાના ૬ ઉપર

### બગસરાનાં સમઢીયાળા ગામે

# વાડી વિસ્તારમાંથી લોખંડનાં દરવાજાની ચોરીનાં ગુન્હામાં આરોપીની અટકાયત

### સ્થાનિક પોલીસની સર્વેલન્સ ટીમની કામગીરી



અમરેલી, તા. ૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં બનતા અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરી આરોપીને ત્વરીતપણે પકડી પાડવા અંગે લક્ષપૂર્વક કાયદેસરની કાર્યવાહી કરવાસુચના તથા માર્ગદર્શન આપેલ હતી. જે અનુસંધાને ગત તા.૧૫ના રોજ હસમુખભાઈ નાગજીભાઈ મોણપરા (રહે. સમઢીયાળા તા.બગસરા) વાળા

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેરમાં બનતા માર્ગોથી અંધાધુંધીનો માહોલ

# અમરેલીમાં લાઠી માર્ગ અચાનક બંધ કરી દેવાતા વાહનચાલકો પરેશાન

### માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ યોગ્ય કરે તે જરૂરી

અમરેલી, તા. ૧

અમરેલી શહેરમાં વિકાસ કાર્યોની લ્હાયમાં માનવ મૂલ્યોને નેવે મૂકી આગોતરી સૂચના કે જાણ વગર આડેધડ વિકાસના કામો હાથ ધરવામાં આવતાં હોય જેને લઈ નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. અમરેલીના આર એન્ડ બી વિભાગ અને મળતિયા કોન્ટ્રાકટરો દ્વારા કોઈ આગોતરી જાણ કે યોગ્ય આયોજન વિના શહેરનાં કોઈપણ મુખ્ય માર્ગો બંધ કરી દેવાતા દૈનિક જીવન પર ગંભીર અસર પડી રહી છે.

અમરેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી માર્ગના વિકાસના કામોને લઈ અવ્યવસ્થા જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કોન્ટ્રાકટરો દ્વારા ગમે તે રીતે રસ્તાઓ



ખોદી નાંખી અથવા માર્ગ બંધ કરી

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# બગસરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનાં ગુન્હામાં અઢી માસથી નાસ્તા-ફરતાં આરોપીની અટકાયત

### અમરેલીની રાધેશ્યામ ચોકડી નજીકથી અટકાયત

બગસરા, તા. ૧

બગસરા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૯૨૬૦૦૪૨/ ૨૦૨૬બી.એન.એસ.ક. ૩૧૬ (૨)વિ. મુજબનાં ગુન્હાનાં કામે આરોપીએ બે માસ પહેલા ફરિયાદની માલીકીની ફોરવ્હીલ ગાડી ફોર્ડ ઈન્ડીયા પી.વી.ટી. એલ.ટી.ડી. ઈકોસ્પોર્ટ ૧.૫ ડી.એસ.એલ. ટાઈટેનીયમ એમ.ટી. કંપનીની કિંમત રૂપિયા ૫,૫૦,૦૦૦/-



ની ગાડી ફરિયાદીની જાણ બહાર હરી જવેલર્સ વાળાને આપી ગુન્હો કરેલ હોય, જે કામે આરોપી આજદીન સુધી નાસ્તા ફરતા હોય, જે કામે કોર્ટ તરફથી આરોપીનું બી.એન.એસ.એસ. કલમ ૭૨ મુજબનું વોરંટ ઈશ્યુ થયેલ.

આ અંગે આરોપી મનુભાઈ નાજાભાઈ સેલાર (ઉ.વ. ૬૩) ધંધો વેપાર રહે. મારૂતિનગર, સાવરકુંડલાની અટકાયત કરવામાં આવી છે.


### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# ધારી : ક્રિમીનલ ટાર્ગેટેડ કેસનાં પકડ વોરંટમાં ફરાર આરોપીની વેરાવળ ખાતેથી અટકાયત

### છેલ્લા ૨૦ વર્ષથી આરોપી નાસતો-ફરતો હતો

અમરેલી, તા. ૧

અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી ધ્વારા જિલ્લાના નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ તેમજ કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના આરોપીઓ પકડી પાડવા અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય. પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમ દ્વારા ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના પકડ વોરંટમાં ફરાર



આરોપી મનસુખભાઈ પોપટભાઈ ચારોલા (રહે. મોટા સમઢીયાળા, તા. ખાંભા, હાલ રહે. ભાલપરા, તા. વેરાવળ) છેલ્લા ૨૦ વર્ષથી નાસતો ફરતો હોય. તે બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી પકડ વોરંટ આરોપીને તા. ૧ના રોજ વેરાવળ ખાતેથી પકડી પાડી આગળની ઘટતી કાર્યવાહી કરવા ધારી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)